

ધર્મનિભાંરા

(નિબંધ)

Reg. No. 2225




શુદ્ધિ પત્ર.

અશુદ્ધ.	શુદ્ધ.	પૃષ્ઠ.	પંક્તિ.
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]



॥ श्री तत्सत् सद्गुरु श्री शुकदेवाय नमः ॥

ધર્મમિમાંસા—નિત્યકર્મ



સંશોધક અને સમ્પાદક
શ્રી. શ. બ્ર. શુ. ઉ. હરિપ્રસાદ બાળમુકુન્દ ભટ્ટ
મુ. સુરત ઠે૦ હરિપુરા ભવાનીનો વડ સત્સંગ ભુવન.

પ્રકાશક
શાહ રણછોડદાસ જેકીસનદાસ સૈયા
ઠે. હરિપુરા—સુરત.
સંવત ૧૯૮૦ના પોષ સુદી ૧૫

(દોહરો)

મનુષ્ય વૃક્ષનું ધર્મ મૂળ, થડ નીતિ, સત્ય ડાળ,
પત્ર પુણ્ય ફળ મુક્તિ છે, મૂળ સિંચો વૃદ્ધબાળ.

કિંમત ૦-૪-૦

પ૨:૪

"ભૂલે છે ભાઇ શાને તું ?" ૧૧૪૭૦

ગજલ.

કરી લે સત્ય કમાણીને, ભૂલે છે ભાઇ શાને તું ?
સ્વધર્મને નથી ગમાતો, ફરાયા તંત્રમાં ધાતો.
સ્વચ્છંદાચારે છૂંદાતો, ભૂલે છે ભાઇ શાને તું ? ૧
સ્નાન, સંધ્યા, જાપ, હોમ, સ્તુતિને પાઠ દેવપૂજા,
અતીથિ, વૈશ્વદેવ કર્મો, ભૂલે છે ભાઇ શાને તું ? ૨
સનાતન ધર્મને ધારી, થયા જે ભીષ્મ ભડ જેવા.
કૃષ્ણને રામની નીતિ, ભુલે છે ભાઈ શાને તું ? ૩
ગવાયાં છે જગે ગીતો, હજી છે તાજાં ને તાજાં
નીતિના ફરકતા નેજા, ભૂલે છે ભાઇ શાને તું ? ૪
હુંપદનું હાડકું છોડી, મમતા નાંખને તોડી,
સ્વધર્મે જીવશે જોડી, ભૂલે છે ભાઇ શાને તું ! ૫
અસત્યે તું જઇશ માર્યો, ડહાપણે દાટ બહુ વાળ્યો?
જીત્યો જાણું પણ હાર્યો, ભૂલે છે ભાઈ શાને તું ? ૬
જોડી મોહપાશથી માયા, બળહિણ શું ? કરું કાયા ?
ઘેલછા છોડી દે ડાહ્યા, ભૂલે છે ભાઇ શાને તું? ૭
ટહુ કોડે તને બાપુ ! શિખામણ સુખની આપુ
તને સ્વરુપમાં સ્થાપું, ભૂલે છે ભાઇ શાને તું ? ૮
માનવનો ધર્મ લે ધારી, પશુગત કર ના પ્યારી
અમૂલી જીંદગી હારી, ભૂલે છે ભાઇ સાને તું ?
સજી ને સાચા ધર્માને, તજી દે અનાત્મ કર્મોને;
હરિપ્રસાદ કહે મર્મોને, ભૂલે છે ભાઇ શાને તું? ૧૦

સમર્પણ

શ્રીસર્વેશ્વર, સર્વાન્તર્યામી, શબ્દબ્રહ્મ, સચ્ચિદાનંદ, સદ્‌ગુરૂ શ્રી શુકદેવાચાર્ય મહારાજશ્રીના પવિત્ર યુગલ ચરણકમળમાં પ્રેમ પુષ્પાંજલિરૂપે આ ધર્મમિમાંસા—નિત્યકર્મનું સુવિચારણારૂપી લઘુ પુસ્તક અર્પણ કરૂં છું. જેથી અલ્પ પરિશ્રમ પણ શ્રી સદ્‌ગુરૂદેવ કૃપા કરી સેવારૂપે સ્વિકારી મુજ રંકને કૃતકૃત્ય કરશે ! એવી આશા છે.

લિ૦ આપનો દાસનુદાસ
હરિના સાષ્ટાંગ દંડવત

ભૂમિકા

ઇન્દ્રવજ્રાવૃત્ત

યેષાં ન વિદ્યા ન તપો ન દાનં, જ્ઞાનં ન શીલં ન ગુણો ન ધર્મઃ।
તે મર્ત્યલોકે ભુવિભાર ભૂતા, મનુષ્યરૂપેણ મૃગાશ્ચરન્તિ ॥

જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારો સ્વભાવ, ગુણ કે ધર્મ કાંઇપણ નથી તેઓ તો મૃત્યુલોકમાં મનુષ્યરૂપે જન્મા છતાં પૃથ્વીને ભાર આપનાર પશુરૂપ છે. કારણ કેઃ—" આહારનિદ્રાભયમૈથુનં ચ, સામાન્યમેતત્પશુભિર્નરાણામ્। એકો વિવેકો હ્યધિકો મનુષ્ય વિવેકહીનાઃ પશુભિઃસમાનાઃ ॥ અર્થ—આહાર, નિદ્રા, ભય તથા મૈથુન એ ચારે, પશુ તથા મનુષ્યોમાં સામાન્ય છે, પણ એક વિવેકજ મનુષ્યમાં અધિક છે.

મનુષ્ય જન્મ ધારણ કરી દરેક મનુષ્યે દિન પ્રતિદિન આલસ્ય છોડી દઇ સત્ક્રિયા, સદાચરણ, સત્પુરૂષોની સેવા, સદ્‌ગુરુ ને સત્શાસ્ત્રમાં શ્રદ્ધા રાખી ધર્મનીતિનું પાલન કરવું, અહિંસા, ક્ષમા આદિવ્રતોનું સેવન અને ઇષ્ટદેવની ઉપાસના યુક્ત સત્સમાગમ કરવો. એજ મનુષ્યોનું કર્તવ્ય છે. શાસ્ત્રકાર કહે છે કેઃ—

કરેશ્લાઘ્યસ્ત્યાગઃ શિરસિ ગુરૂપાદ પ્રણયિતા।
મુખે સત્યાવાણી, વિનયિભુજયો વીર્યમતુલમ્ ॥
હૃદિ સ્વસ્થાવૃત્તિઃ શ્રુતમધિગતં ચ શ્રવણયો।
વિનાપ્યૈશ્વર્યેણ, પ્રકૃતિમહતાં મણ્ડનમિદમ્ ॥

સત્પાત્રને દાન આપવું એ હાથનું ઘરેણું છે, ગુરુને નમસ્કાર કરવા એ મસ્તકનું ઘરેણું છે, સત્ય બોલવું એ મુખનું ઘરેણું છે.

બ્રહ્મચર્યવ્રત એ હાથનો અલંકાર છે, સ્વચ્છ વર્તણુક એ હૃદયનું ઘરેણું છે, અને ઇશ્વરનું જ્ઞાન થવું એ શાસ્ત્રનું ઘરેણું છે, માટે મનુષ્ય ધર્મ કર્મ પરાયણ રહેનાર મનુષ્યમાં શ્રેષ્ટ ગણાય છે. એટલા સારૂ સાધારણ "ધર્મમિમાંસા-નિત્યકર્મ" ધર્મ કર્મના વિચાર ચારે વર્ણને સારૂ આ પુસ્તક દ્વારા યોજવામાં આવ્યા છે. તથા સ્ત્રી-પુરૂષોને આચરવા યોગ્ય શિક્ષણ બતાવવામાં આવ્યું છે. શ્રધ્ધા પૂર્વક નિત્ય કર્મ કરવાથી આલોક-પરલોકમાં અભયપદ પ્રાપ્ત થાય છે, તેટલા સારૂ મતમતાંતરના ઝગડા છોડી નિરંતર આચરણને સુધારી નિત્ય કર્મ કરવું. નિત્યકર્મ કરવાથી નિત્યના થતાં પાપો ટળે છે, ઇષ્ટ ઉપાસના કરવાથી અંતઃકરણ શુધ્ધ થાય છે, અંતઃકરણ શુધ્ધ થવાથી પરમજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. એમ કર્મ, ઉપાસના, ને જ્ઞાન એ ત્રણના બળવડે ભવસાગર તરી જવાય છે. જીવરૂપી પક્ષીને કર્મ ઉપાસનારૂપી બે પાંખ છે, સ્થુલ, સુક્ષ્મ ને કારણ એ ત્રણે આવર્ણ છોડી નિરાવર્ણમાં ઉડી જવાને એ બે પાંખો સાધન છે. જ્ઞાન એ નિરાવર્ણનો માર્ગ છે. અને અનુભવ એ નિરાવર્ણ સ્થાન છે; સ્વયંઆત્મા એ સ્થાનના અધિપતિ દેવ છે. માટે મુમુક્ષુઓ અને મુકત જીવોએ કર્મ, ઉપાસના, ને જ્ઞાનનું નિરંતર સેવન કરવું એજ સ્વકર્તવ્ય છે. માટે

જપ જપ હરિનામં, સર્વ મુત્સૃજ્ય કાર્યમ્ ।
ભજ ભજ ગુરૂપાદં, પદ્મ શંકાં વિહાય ।।
ફુરૂ ફુરૂ સત્સંગં, માનમોહો વિદાર્ય ।
તર તર ભવસિંધું, સાવધાનેન વત્સઃ ।। (શ્રીશુકગીતા)

હે વત્સ! સર્વ કામ છોડી તું શ્રીહરિનું નામ જપ જપ, સર્વ શંકાઓ દૂર કરી શ્રી સદ્‌ગુરુ ચરણાર્વિંદને ભજ ભજ, તથા અભિ-

માનને દૂર કરી સત્સંગ કર કર, અને સ્વધર્મ પરાયણ રહી ભવ-સાગરને તર તર, (મારી નમ્રભાવના)–હે સજ્જનો! ધર્મ કર્મને નીતિની અભિવૃધ્ધિ સારૂં, મારો હૃદયોર્મિ ઉછળવાથી આ નાનકડું પુસ્તક આપની દૃષ્ટિગોચર થઇ આપના પવિત્ર હૃદય કમળમાં વાસ કરે એ સારૂ ઇષ્ટ પ્રેરણાઓ જન સેવા જાણી લખ્યું છે;–લેખક કે કવિપણાનું અથવા શાસ્ત્રિય જ્ઞાનની ધૃષ્ટતા ધરાવવાનું અભિમાન કરવા ઉત્કંઠા કીધી નથી. માટે ભૂલચુક હોય તો સુધારી આપની પવિત્ર હૃદય વાટિકામાં ધર્મનીતિમય વચનોરૂપી કુસુમ પુષ્પોને સદ્ભાવે સ્થાન આપશો. જેથી મારો અલ્પપરિશ્રમ પણ શ્રેયસ્કર ગણાય અને હું અહોભાગી થાઉં.

લી૦ આપનો ભવદિય હરિ.

આભાર

આ પુસ્તક છાપવામાં સુરતના "નવયુગ" મુદ્રણાલયના કાર્યવાહકો એ ભ્રાતૃભક્તિયુક્ત સહાય કરી મારા કામની સરળતા કરી આપી મને ઉપકૃત કીધો છે; એથી એમની વિશુધ્ધ પ્રેમભાવનામાં હું ૠણી છું.

વિશ્વવિભુ પરમાત્મા! પવિત્ર કાર્યોમાં પવિત્ર હૃદય ભાવના સત્યના રૂપે પ્રેરક રહી એઓને સદા સર્વદા સ્વજન સેવા, સ્વદેશ ભક્તિ, અને ધર્મ નિષ્ઠાનું બળ અર્પો; એવી પ્રાર્થના કરી વિરમું છું.

લી.

સ્વજન સ્નેહા કાંક્ષી.

હરિના જયજય.

શ્રી

ધર્માવલંબી જ્ઞાન નિષ્ઠ સદ્‌ગુણુસમ્પન્ન

શેઠજી રણછોડદાસ જેકીસનદાસ સરૈયા

મુ. હરિપુરા, સુરત.

આપની નહિ મરજી છતાં, મારે આપના સબંધી બે બોલ લખવા એમ મારો આત્મા મને પ્રેરે છે—આપનો પ્રેમ, અને પ્રભુ પરાયણતા જોઇ મને ઘણોજ આનંદ થાય છે. આપ સત્સંગ ભુવનમાં પધારી સત્સંગ લાભ લ્યો છો, એટલુંજ નહિ પણ ઘણી વખત આપને ત્યાં કથા પ્રર્વચન કરાવી, બ્રહ્માનંદની લૂંટ ચલાવો છો. તે વેળા આપના પવિત્ર ગૃહસ્થાશ્રમધર્મને જોઇ મને ઘણોજ આનંદ થાય છે. આપનાથી શુધ્ધ સંસ્કાર પામેલા આપના પુત્ર ચિરંજીવી બાલુભાઇ તથા ચિ. ચંદુલાલ તથા ચિ. અ. સૌ. બ્હેન તારાગૌરી તથા ચિ. અ. સૌ. બ્હેન મંગળાગૌરી અને આપના લઘુ બન્ધુ છોટુભાઇ વિગેરે કુટુમ્બ વર્ગની ધર્મનીતિ તથા સુસંપની પરિસીમા જોઇ—"ધન્યં ચ ગૃહસ્થાશ્રમ" આવા ગૃહસ્થાશ્રમને ધન્ય ધન્ય છે, એમ કહ્યા વિના ચાલેજ નહિ.

વળી હું, જ્યારે જ્યારે કથા, કીર્તન, વિ. સત્સંગ પ્રસંગે કેટલાક મનુષ્યોમાં ધર્મની ગ્લાની જોઇ હતાસ થાઉં છું, ત્યારે સત્સંગ ભુવનમાં નિરંતર આવનાર પ્રેમીમંડળ સાથે આપ પણ ધર્મ નીતિ ને જ્ઞાનભકિતનો પ્રકાશ પાડી ખડે પગે ઉભા રહો છો, એટલુંજ નહિ પણ રૂષિમુનિઓના વચનો ઉપર તન, મન, ધન સાથે સમર્પનો ભાગે આપી સંપૂર્ણ શ્રધ્ધાથી કર્તવ્ય બજાવી મનુષ્ય જન્મનું શ્રેયાર્થ સાધો છો એજ આવા કળિકાળમાં પ્રશંસનીય છે.

આવા કળિકાળમાં કળિ બળ પ્રભાવથી ઘણા મનુષ્યો ઘણા ખરા ભાગ માત્ર મોહના સપાટામાં સપડાઇ સાત્વિક ધર્મ, કર્મ, પવિત્રતા છોડી દઇ આત્મપ્રતિના કર્મોનો ત્યાગ કરી અહં મમત્વના કર્મોમાં ફસાય એ સ્વાભાવિક છે. એટલા માટે તેઓની જાગ્રતિ સારૂ પરમાર્થ બુધ્ધિ યુકત **"ધર્મમિમાંસા—નિત્યકર્મ"** નામનું પુસ્તક ચારે વર્ણને ઉપયોગી જાણી છપાવી પ્રસિધ્ધ કરવા આપે પરમ ઉદારતા જણાવી જ્ઞાન દાન દેવામાં ધનનો સદ્વ્યય કર્યો તે પણ અત્યુત્તમજ કહેવાય.

ધર્મ, કર્મ અને પુણ્યદાન કરનારા મનુષ્યો કંઇ કીર્તિ માટે બધું કરતા નથી પણ સ્વકર્તવ્ય સમજી તેઓ ધન કરતાં પણ કેવળ ધર્મ અને સત્ય માર્ગની વધારે કિમત ગણે છે- શુભ કરનારાઓની સુગંધ અને અશુભ કરનારાઓની દુર્ગંધ સ્વાભાવિકજ જન સમાજમાં પ્રસરે છે. દિવસને દિવસ અને રાત્રિને રાત્ર તેના સમય ઉપરથીજ કહેવાય છે એટલે હું પ્રસંશા કરૂં છું એમ નથી. પણ શુભ કૃતિ સ્વભાવિકજ પ્રસંશનીય છે. અસ્તુ—

આપની પરોપકાર વૃત્તિ અસ્ખલિત વહ્યાજ કરે છે. આપનો ધંધોજ સર્વ મનુષ્ય માત્રને ખુશબો (સુગંધ) આપવાનો છે. એટલે સુગંધીદાર અન્તરો બનાવી જાવા ચીન વિગેરે દેશ પરદેશના મનુષ્યોને મઘમઘતા બનાવો છો; તેમજ મનુષ્યોમાં મનુષ્યત્વ શોભાવવા ધર્મ કર્મ રૂપી ખુશબો (સુગંધ) **ધર્મમિમાંસા—નિત્યકર્મ** દ્વારા પ્રસિધ્ધ કરી પોતાના ધનને પવિત્ર કરવા. શાસ્ત્ર સદગુરૂ રૂપની સેવા બજાવી છે. એવી અહોનિશ આપની તથા આપણા કુટુમ્બ વર્ગની તથા જ્ઞાતિ અને સ્નેહી મંડળ તથા સત્સંગ મંડળ અને બધાજન મંડળની સદ્વૃત્તિ અખંડિત રહો એવું પરમ દયાળુ પરમાત્મા પાસે યાચુ છું.

જીવને મનુષ્ય જન્મ ધારણ કરી દયા, દાન દિનતા એજ ધર્મ પ્રતિપાદન કરવાનો છે. મનુષ્યોએ સર્વ પ્રાણી ઉપર દયા રાખવી, દાન દેવું અને નમ્રતા રાખી અહં મમત્વનો ત્યાગ કરવો.

કાયા, વાણી અને મન વડે મનુષ્યને ઘણાં દાન કરવાના છે. તેમાં અન્ન ને જળનું દાન શ્રેષ્ઠ ગણાય છે. તે કરતાં પણ અધિક જ્ઞાન દાન છે. શાસ્ત્ર વચનો દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય છે, માટે શાસ્ત્ર પ્રણિત વચનો સરળ ભાષામાં નાનાથી તે મોટા સુધી વાંચી શકે, અને સમજી શકે, એવાં પુસ્તકો છપાવી પ્રસિદ્ધ કરી પડત કિંમતે આપવામાં આવે તો લોકને લાભ થાય અને સાહિત્ય પણ સસ્તુ બને. એટલા માટે આપ જેવા પરોપકારી અને સાહિત્યના રસજ્ઞ જનોને ઇશ્વર સદા સર્વદા પ્રસન્ન રહી પરમાર્થ બુદ્ધિ અને જ્ઞાન ભક્તિનો અલભ્ય લાભ પ્રાપ્ત કરાવો એવી નમ્રભાવે પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે.

લી. શ્રી. શ. બ્ર. શુ. ઉ. હરિપ્રસાદના શુભ આશિર્વાદ.

શ્રી પ્રભુ પ્રાર્થના

હે ભગવન ? આપે શ્રી મુખેજ કહ્યું છે, કેઃ—

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનાય ધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥

હે દયાળુ પ્રભો !!! આધુનિક સમયમાં કારમા વેગે મોહ માયાનું સૈન્ય પ્રબળ વેગથી સેતાન (અહંકાર) ની સરદારી નીચે પરિક્રમણ કરી રહ્યું છે. આ ભૂમંડળપર તેની સત્તા સંપુર્ણ અંશે વ્યાપ્ત થઇ છે. તમો ગુણવાળો અંધકારમય કળિરાજા અણુ પરમાણુથી તે દશ દિશામાં સામ્રાજ્ય ભોગવવા પોતાનું પ્રચંડ બળ વાપરી રહ્યો છે; તેથી દશ લક્ષણયુક્ત જે ધર્મ તે ધર્મનો લોપ થતો જોવામાં આવેછે. ધર્મનાં જે દશ અંગ ધિરજ, ક્ષમા, દમ અસ્તેય શૌચ, ઈંદ્રિય નિગ્રહ, ધી, (બુદ્ધિ) વિદ્યા સત્ય અને અક્રોધ. તેના ઉપર કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ગર્વ, દર્પ મમતા માન વિગરે આંખ મીચી ચોગરદમ તુટી પડયા છે. આવા સંયોગોમાં સત્ય અને ધર્મ ઉપર વાદળાં છવાય તેમાં નવાઇ શું ? પણ હે દયાળુ જગન્નિયંતા ? તું ત્હારા પવિત્ર પ્રભાવ વડે આ સંકટોમાંથી અમને ઉગાર, બચાવ, ત્હારી સમીપ આવવા માર્ગ ખુલ્લો કરી આપ, વારંવાર ત્હારા ચર્ણમાં પડી નમ્ર ભાવે વંદન કરીએ છીએ; અને યાચીએ છીએ કે અમને ઉત્તમ પ્રકારનું બુદ્ધિ બળ આપી ત્હારા પવિત્ર ધર્માચરણનું યથાર્થ જ્ઞાન આપ, અમારી દરેક ઇંદ્રિયો અને મન વાણીમાં સત્ય ને ધર્મનું સત્વર બળ લાવ, અમારી માનસિક, કાયિક વાચિક ક્રિયાઓ વિશુધ્ધ ભાવને પામે એવી દયા કર. હે અનાથના નાથ ! કદિપણ

સત્યના વેશમાં અસત્ય, ધર્મના કાર્યમાં અધર્મ, સત્સંગમાં કુસંગ, જાણુતા અજાણુતા પેસી ના જાય એવી અમને બળીષ્ટ શકિત આપ. બેસતાં, ઉઠતાં, ચાલતાં, હાલતાં, ડોલતાં, ઉંઘતાં દરેક સમયમાં તું અમારૂં પાલન કર. હે દીન બન્ધુ ! હે કૃપા સિંધુ ! આવા વિકટ સમયે તું જ્યારે આડા કાન કરી ઉભો રહિશ, ત્હારે અમારૂં બેલી કોણુ થશે ? અમારા સર્વ દુર્ગુણુ વિસારી તું ત્હારા બિરદ સામું જો. તું તો પતિત પાવન છે. અમે પૂર્ણ શ્રધ્ધાએ શ્રવણુ કર્યું છે કે:—આ ભારત ભૂમિમાં નિરંતર ત્હારી પ્રીતિ છવાઇ રહી છે એટલુંજ નહિ, પણુ આ ત્હારિજ પવિત્ર અવતરણિય ભુમિ છે. તેં હિંદને હિંદના ધર્મને હૈડે ધર્યાં છે. તે શું આ સમયે વિસરી જઇ શકે! શું ત્હારાં પ્રિય બાલુડાંને ધર્મહિણુ, જ્ઞાનહિણુ, રખડતાં રઝળતાં અથડાતાં કુટાતાં અધર્મમાં પ્રવેશ કરતાં, નાસ્તિક રૂપમાં બળતાં શું તું મુગ્ધ ભાવે જોઇ રહીશ ? નહિ, નહિ. એમ તું જોઇ રહે તેમ નથી. પણુ અમારા મદોન્મત ગર્વને હણુવા આ ત્હારિ લીલા હશે ! પરંતુ હવે દયા કરી મનુષ્ય માત્રમાં એકય ભાવ પ્રકટાવી ધમ નીતિના પંથે વાળી લે એવી અમારી નમ્ર પ્રાર્થના છે.

ૐ શાન્તિ, શાન્તિઃ શાન્તિઃ હરિઃ ૐ શાન્તિઃ



મંગલાચરણ

॥ શ્રી ગણેશાય નમઃ ॥

ૐ વક્રતુણ્ડ મહાકાય કોટિ સૂર્ય સમ પ્રભો ।
નિર્વિઘ્નં કુરૂ મે દેવ સર્વ કાર્યેષુ સર્વદા ॥ ॥૧॥
અખંડ મણ્ડલાકારં વ્યાપ્તં યેન ચરાચરમ્ ।
તત્પદં દર્શિતં યેન તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥ ॥૨॥
અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજનશલાકયા ।
ચક્ષુરુન્મિલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ॥૩॥
ત્વં પિતા ત્વં ચ મે માતા ત્વં બંધુ સ્ત્વં ચ દેવતા ।
સંસાર પ્રીતિ ભંગાય તસ્મૈ શ્રી ગુરવે નમઃ । ॥૪॥
ન ગુરો રધિકં તત્ત્વં ન ગુરો રધિકં તપઃ ।
તત્વજ્ઞાનાત્પરં નાસ્તિ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ॥૫॥
મન્નાથ શ્રી જગન્નાથો મદ્ગુરુઃ શ્રી જગદ્ગુરુઃ ।
સ્વાત્મૈવ સર્વ ભૂતાત્મા તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ॥૬॥
ગુરુપાદોદક પાનં ગુરોરુચ્છિષ્ટ ભોજનમ્
ગુરુમૂર્તેઃ સદા ધ્યાનં ગુરુ સ્તોત્રં સદા જપઃ ॥ ॥૭॥
ક્વાહં મંદ મતિઃ ક્વેદં મંથનં ક્ષીરવારિધેઃ ।
કિં તત્ર પરમાણુ વૈ યત્ર મજ્જતિ મંદરઃ ॥ ॥૮॥
મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યત્કૃપા તમહં વંદે પરમાનંદ માધવમ્ ॥ ॥૯॥
આપન્નોઽસ્મિ શરણ્યોઽસ્મિ સર્વાવસ્થોઽસ્મિ સર્વદા ।
ભગવં સ્ત્વાં પ્રપન્નોસ્મિ રક્ષમાં શરણાગતમ્ ॥ ॥૧૦॥

શ્રી પરમાત્મને નમઃ

સનાતન ધર્મનું પાલન કરવા સનાતની બન્ધુઓએ અવશ્ય નીચેના નિત્ય નિયમો પાળવાઃ—

(૧) ઇશ્વર સર્વવ્યાપક–સર્વેશ્વર–સર્વાંતર્યામી છે એવો દઢ નિશ્ચય રાખી સાકાર નિરાકારના વાદવિવાદમાં ઉતરવું નહિ.

(૨) શબ્દસ્વરૂપ પ્રણવમૂર્તિ શ્રૌતસ્માર્તસનાતનવૈદિકધર્મના પ્રચારક સર્વના હિતોપદેશી શ્રી સદ્‌ગુરૂ શ્રી શુકદેવજી રૂષિ મુનિઓમાં શ્રેષ્ઠ પદે વિરાજમાન છે. અને તેમનો ઉપદેશ સર્વને હિતકારી છે. માટે શબ્દબ્રહ્મ પરમગુરૂ તેજ છે.

(૩) શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મ તનુજો હોય તો તેમનો સનાતન સદ્‌ગુરૂપદનો અધિકાર છે, અને તેવા પરમ મંત્રસાંખ્ય, કર્મઉપાસના જ્ઞાનસંયુક્ત અનુભવીને ગુરૂ કરી દિક્ષા લેવી, પણ મતવાદી કે ખંડનમંડનમાં ગુંથાયેલા પાસે દિક્ષા લેવી ના જોઇએ. કેવળ અનાત્મ આત્માના યથાર્થ જ્ઞાનપૂર્વક અભેદવાદીજ હોય તેવા સદ્‌ગુરૂ કલ્યાણદાતા છે.

(૪) પરમાત્મા સર્વ મનોરથ પૂર્ણ કર્તા છે; એવો દઢ નિશ્ચય રાખી ઢોંગી ધૂતારાઓના વચનથી ફસાવું નહિ; તેમજ કોઇ ચમત્કારથી લોભાવું પણ નહિ.

(૫) બ્રહ્મ એકજ છે અને શક્તિ, સૂર્ય, ગણપતિ, વિષ્ણુ, શંકર વિગેરે સર્વે બ્રહ્મની મૂર્તિ છે; પણ તે જૂદા છે એમ કદી માનવું નહિ. કારણ સર્વશક્તિમાન્ પ્રભુએ કારણકાર્ય માટેજ તેવાં તેવાં રૂપ ધારણ કર્યાં છે. (ખાંડ એકજ છે માત્ર તેનાં રમકડાં જૂદાં દેખાય છે છતાં રમકડાં ખાંડમયજ છે.) માટે તે સાક્ષાત્ ઇશ્વર રૂપ બ્રહ્મજ છે.

(૬) બ્રાહ્મણ, સંત વિગેરે સત્પાત્રોને પરમેશ્વરનું સ્વરૂપ જાણી શક્તિ પ્રમાણે તેમની સેવાકરવી. તે શ્રાપ આપશે કે અનુગ્રહ કરશે એવો જરા ભય કે લોભ રાખવો નહિ, કારણકે દયાળુ પ્રભુ કોઇનું બગાડતાજ નથી, અને સુખ દુઃખ પોતાના કર્મથીજ ઉદ્ભવે છે.

(૭) સંસાર મિથ્યા અને નાશવંત છે, એવો દૃઢ નિશ્ચય કરી વહેમોને, સંશયોને દૂર કરવા પણ કુતર્કોની બ્રાંતિમાં પડવું નહિ.

(૮) શ્રી સદ્‌ગુરૂએ આપેલા ગુરૂમંત્રનો જાપ જરા પણ વિસારવો નહિ, તથા પાંચ તત્ત્વમાં સર્વ બ્રહ્માંડ આવી ગયું છે, એમ જાણી એજ મંત્રતારક અને સર્વોપરી છે, એવો દૃઢ વિશ્વાસ રાખી અર્થ પૂર્વક પ્રેમથી જાપ કરવો.

(૯) કોઇની નિંદા કરવી નહિ, તેમજ કોઇનો તિરસ્કાર કરવો નહિ, અને કોઇ સાથે વૈર રાખવું નહિ, પરંતુ સર્વવ્યાપી પ્રેમમય જીવન ગાળવું.

(૧૦) ચોરી, જારી, હિંસા, અસત્ય, અને મદ્યપાનાદિ વ્યસન કરવાં નહિ, તથા એ પાંચ અવગુણવાળા પ્રાણીનો સંગ પણ કરવો નહિ.

(૧૧) આત્મા સત્ય છે અને નિત્ય છે, શરીર આદિ જગત મિથ્યા છે અને અનિત્ય છે, હું પૂર્વકર્મના સંબંધથી મિથ્યા જગત જોડે જોડાયો હતો તે હવે શ્રીગુરૂ કૃપાથી સાધન સંપન્ન થઇ, પારમાર્થી કર્મ, શુધ્ધ ઉપાસના અને વિશુધ્ધ જ્ઞાનવડે મુકત થયો છું, એમ માની, નિરંતર શ્રવણ અને મનના નિદિધ્યાસ રાખતા રહેવું.

(૧૨) નિત્ય સત્સંગ તથા શાસ્ત્ર એટલે ગીતા, ભાગવત, તુલસીકૃત રામાયણ, અધ્યાત્મ રામાયણ, વિગેરે પાઠ, સ્તુતિનો દૃઢ અભ્યાસ રાખવો.

(૧૩) સંપૂર્ણ બને ત્યાં સુધી શુદ્ધતા રાખવી અને વર્ણાશ્રમના ર્મો યથાશકિત પાળવા.

(૧૪) વિવેક, વૈરાગ્યાદિ સાધનો મારામાં કેટલાં છે અને કેટલાં ન્ય છે તેનો અને પ્રભુ કે સદ્‌ગુરૂ પ્રસન્ન થાય એવાં મેં કેટલાં મ કર્યાં અને ગેરવ્યાજબી (અસત્ય) કેટલાં કર્યાં તેનો દરરોજ સવા- માં ઉઠતાં અને સાંજે સુતી વખતે વિચાર કરવો. અને સત્ય કમ રવા સંકલ્પ કરવો.

(૧૫) માયા મહા પ્રબળ હોવાથી તેમાંથી છુટવું અત્યંત કઠણ , એમ જાણી જીવપણાની કંજુસાઇ અને સંકોચ છુટવા માટે નેરંતર પરમાર્થ, દાન, પુણ્ય, કરવાં અને ઇશ્વર પ્રિત્યર્થે વરસ દિવ- માં થોડા દિવસ તીથવાસ અથવા એકાન્તવાસ કરી શાસ્ત્રયુકત ાત્મ ચિન્તનમાં વિચારવંત થવું.

(૧૬) દરરોજ પ્રાતઃકાળે નિત્ય કર્મ, યોગ, ભજન, સેવાપાઠ ? અને તે કરવું; પોતાનું કલ્યાણ ઇચ્છનાર મુમુક્ષુ ગુરૂમુખી મનુષ્યે ાહ્મમુહૂર્ત (સૂર્યોદય થતા પહેલાં બેચાર ઘડી)માં બિછાનામાંથી ઉઠી ખ ધોઇ કોગળા કરી શાંત પણે બેસી શ્રીહરિ સ્મરણ કરવું.

હરેરામ, હરેરામ, હરેરામ, હરેહરે !! હરેકૃષ્ણ, હરેકૃષ્ણ, હરેકૃષ્ણ રેહરે !! એમ દશ વાર બોલી પોતાના બેઉ હાથની હથેલી જોઇ ખ્વીને નીચલા શ્લોકથી પ્રાર્થના કરવી.

શ્લોક—સમુદ્રવસને દેવિ પર્વતસ્તનમંડલે ।
વિષ્ણુપત્નિ નમસ્તુભ્યં પાદસ્પર્શં ક્ષમસ્વ મે ॥

પછી પ્રાતઃસ્મરણનો શ્લોક નીચે પ્રમાણે બોલવોઃ—

શ્લોક—પ્રાતઃસ્મરામિ ભવભીતિહરં મહેશં ।
ગંગાધરં વૃષભવાહનમંબિકેશમ્ ॥
ખટ્વાંગ શૂલવરદા ભયહસ્તમીશં ।
સંસારરોગહરમૌષધ મદ્વિતીયમ્ ॥ ૧॥
શાંતાકારં ભુજગશયનં, પદ્મનાભં સુરેશંમ્ ।
વિશ્વાધારં ગગનસદૃશં મેઘવર્ણં શુભાંગમ્ ॥
લક્ષ્મીકાન્તં કમલનયનં, યોગિભિર્ધ્યાનગમ્યમ્ ।
વંદે વિષ્ણું ભવભયહરં, સર્વલોકૈકનાથમ્ ॥ ૨॥

પછી શૌચ. (જાજરૂં જવું) કરવા જવું અને ત્યાં જમણા હાથે પાણીનું પાત્ર મૂકી મૌનપણે મળમૂત્રનો ત્યાગ કરવો. પછી જળ અને મૃતિકા લઈ હાથ પગ ધોવા. અને પવિત્ર જળથી બાર કોગળા કરી એક સ્થાનપર બેસી દાતણ કરવું; દાતણ કરતાં કરતાં ચાલવું નહિ અને વાતો કરવી નહિ. બરોબર મોઢું ધોઈ સૂર્યનારાયણને નમસ્કાર કર્યાં પછી સ્નાન કરવું.

સ્નાન વિધિ

સ્નાન માટે ગંદુ અગર વાસી જળ વાપરવું નહિ. બને ત્યાં સુધી ઠંડા જળથી સ્નાન કરવું. જળનું પાત્ર જમણી બાજુ રાખવું અને જળના મંત્રનો સોળ વખત ઉચ્ચાર કરવો. વં વરૂણાયનમઃ સોળવાર બોલી જવું પછી સ્નાનનો સંકલ્પ કરવો.

સંકલ્પ—અત્રાદ્ય મહામાંગલ્યફળપ્રદઅમુક માસે (જે માસ હોય તે) અમુક પક્ષે (જે પક્ષ હોય તે) અમુક તિથૌ (જે તિથિ હોય તે) અમુક વાસરે,

(જે વાર હોય તે) મમ શરીર શુદ્ધયર્થં પ્રાતઃસ્નાનમ્ અહં કરિષ્યે. પછી જળમાં તીર્થોની ભાવના કરવી અને શ્લોક બોલવો.

શ્લોક—પુષ્કરાદ્યાનિ તીર્થાનિ, ગંગાદ્યાઃ સરિતસ્તથા ॥
આગચ્છન્તુ પવિત્રાણિ સ્નાનકાલે સદા મમ ॥ ૧ ॥
ગંગે ચ યમુને ચૈવ, ગોદાવરી સરસ્વતિ ॥
નર્મદે સિંધો કાવેરી, જલેઽસ્મિન્ સન્નિધિં કુરૂ ॥

પછી બરોબર સ્નાન કરી શુદ્ધ ધોયેલા રૂમાલથી શરીર લુછી, ધોયેલુ શુધ્ધ વસ્ત્ર પહેરી એકાન્ત શુધ્ધ જ્યાં દરરોજ નિત્યકર્મ કરવાની જગ્યા હોય ત્યાં પૂર્વ અથવા ઉત્તર તરફ મુખ રાખી દર્ભ, કામળ, ઊન કે પવિત્ર આસન ઉપર બેસવું.

(પંચપાત્ર, ત્રભાણી, આચમની, દીવી, દીવાસળીની પેટી, ચંદન, પુષ્પ, ભસ્મ, માળા, ધૂપ, દેવમૂર્તિ અગર ઇષ્ટ દેવની કે શ્રી સદ્ગુરૂની છબી આ બધું પાસે તૈયાર રાખવું)

નિત્ય નિયમનું કાર્ય શરૂ કર્યા પહેલાં તેમાં શ્રધ્ધાને કેળવવી જોઇએ એવો ઉન્નતિનો નિયમ છે કારણ કે શ્રધ્ધા સકળ સુખ મૂળ છે, શ્રધ્ધા વિના બધું ધૂળ છે."

ઉપર પ્રમાણે તૈયાર થયા પછી સ્વસ્થ ચિત્તથી મનને પૂછવું કે હું કોણ છું ? અને મારૂ કર્તવ્ય શું છે ? તેના જવાબમાં વિચારવું કે

(૧) જે આર્યોના પવિત્ર અને સાદા જીવનની સુગંધ અદ્યાપિ પર્યંત સમસ્ત દુનિઆના તત્ત્વેત્તાઓને આનંદ આપી રહી છે; જેઓના સંતોષ અને સદાચરણ અનુકરણ કરનારને અદ્યાપિ પર્યંત ફળ આપી રહ્યાં છે; જેઓના લખેલા સદ્ગ્રંથોનો વારસો દુનિયા હજી

સુધી ભોગવી રહી છે;–તે સમર્થ આર્યોમાંના એકનો હું બાળક છઉં–માટે પામરપણું મને છાજતું નથી–સિંહના બચ્ચાં સિંહ હોવાં જોઇએ.

(૨) જે ધર્મમાં રામકૃષ્ણાદિ નામ ધારણ કરીને સાક્ષાત ઇશ્વરે અવતાર લીધા છે, જે ધર્મમાં વેદ, ઉપનિષદો, ગીતા, પુરાણો, અને સ્મૃતિઓ આદિ અખૂટ જ્ઞાનધન છે, અને જે ધર્મના શિક્ષણ માટે શ્રીમદ્ જગદ્ગુરૂ આદ્ય શંકરાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય શ્રીમદ્ રામાનુજાચાર્ય, સ્વામી શ્રી સહજાનંદજી, ભક્તરાજ, કબીર મહાત્મા તુલસીદાસજી, નરસિંહમહેતા, તુકારામજી, મીરાં, મહાત્મા રામકૃષ્ણ પરમહંસ, સ્વામી રામતીર્થ, સ્વામી વિવેકાનંદજી આદિ સમર્થ ધર્માચાર્યો અને સંત મહાત્માઓ લીલાતનુ ધારણ કરી ગયા છે. તે સનાતન ધર્મનો હું એક અનુયાયી છઉં, માટે નાસ્તિકતા મને ઘટતી નથી.

(૩) પ્રભુના નામ સિવાય કોઇ અમર નથી. આ મારો દેહ પણ એકવાર પડવાનો છે, અને તેની સાથે આજે મારૂં મારૂં દેખાય છે તે પણ ફના થવાનું છે. માટે મારે દેહના સુખના કરતાં આત્મિક સુખમાં વધારે પ્રયત્ન કરવો જોઇએ. હું અંદરથી બોલું છઉં તે ચૈતન્ય સ્વરૂપ છઉં. આળસ, અનીતિ, અને એશઆરામ આલોક અને પરલોક બગાડનારાં છે. (જેવી ભાવના તેવું ફળ સમજી ભાવના ઉત્તમ કરવી જોઇએ) એવો નિશ્ચય કર્યા પછી શુધ્ધ બ્રહ્મભાવથી પવિત્ર નિત્યકર્મ કરવા માંડવું.

— સંધ્યોપાસના —

ભસ્મ—તિલક ધારણ વિધિ.

પ્રથમ ડાબા હાથમાં ભસ્મ અથવા ગોપીચંદન લઇ જમણે હાથે જળ મૂકી મર્દન કરવું.

મંત્ર—અગ્નિરિતિ ભસ્મ, વાયુરિતિ ભસ્મ, જલમિતિ ભસ્મ, સ્થલમિતિ ભસ્મ, સર્વંહ્યુવાઈદં ભસ્મ મન એતાની ચક્ષુંષિ ભસ્માની ॥

એ મંત્રથી મર્દન કરી બન્ને હાથ વડે, લલાટે, હૃદયે, કંઠે, બાહુ, (હાથે) કુક્ષી (કુખે) વિગેરે ભસ્મ ધારણ કરવી. પછી

શિખા બંધનમ્

શ્લોક—ચિદ્રુપાણિ મહામાયે, દિવ્યતેજઃ સમન્વિતે ।
તિષ્ઠ દેવિ શિખાબંધે, તેજો વૃદ્ધિં કુરૂષ્વમે ॥

એ મંત્ર ભણી ચોટલીની ગાંઠ વાળવી.

(ભસ્મ ધારણમાં અને શિખાબંધનમાં ઉપરનાં મંત્ર મોઢે ન થાય ત્યાં સુધી ૐ નમઃ શિવાય અગર શ્રી કૃષ્ણાયનમઃ અગર શ્રી રામાય નમઃ એ મંત્રોનું ઉચ્ચારણ કરવું) પછી આચમનીમાં પાણી લઇ હાથ ધોવા અને તે પછી આચમન કરવાં. હાથ લોહવા ખભા ઉપર પવિત્ર રૂમાલ (ટુવાલ) પ્રથમથી રાખવો.

આચમનવિધિ—જમણા હાથમાં જળ લઇ કેશવાયનમઃ —નારાયણાય નમઃ માધવાય નમઃ એમ ત્રણ વાર આચમન કરવું પછી જમણો હાથ ધોઇ નાંખવો. પછી પ્રાણાયામ કરવો. અગર ૮–૧૦ શ્વાસ પ્રશ્વાસથી ચિત્ત વૃત્તિ શાંત કરવી. (પ્રાણાયામ કરવો હોય તો ગુરૂમંત્રથી અથવા દ્વાદશ અક્ષરમંત્રથી ડાબા નાક તરફથી શક્તિ પ્રમાણે પ્રાણ ચઢાવવો. પછી નાકના બન્ને છીદ્ર બંધ કરી રાખવાં અને જમણે પાસેથી હળવે હળવે પ્રાણ નીચે મૂકવો, એ પ્રમાણે પુરક કુંભક અને રેચક વડે ત્રણ પ્રાણાયામ કરવા. પછી જમણા

હાથથી મંત્ર વડે નાસિકા, નેત્ર, કાન, નાભિ, હૃદય, કંઠ મુખ, વિગેરે સ્થાને સ્પર્શ કરવો.

મંત્ર-વિષ્ણુ વિષ્ણુ: વાગ્ વાક્, પ્રાણ: પ્રાણ: ચક્ષુ ચક્ષુ: શ્રોત્રં શ્રોત્રં, નાભિ: હૃદયં, કંઠં મુખં શિર: શિખા બાહુભ્યાં યશોબલં. ॥

પછી ડાબા હાથમાં જળ લઇ જમણા હાથે આસન ઉપર અને શરીર ઉપર નીચેનો શ્લોક બોલી જળ છાંટવું.

શ્લોક—અપવિત્ર: પવિત્રો વા સર્વાવસ્થાં ગતોપિ વા ।
યઃ સ્મરેત્ પુંડરીકાક્ષં સબાહ્યાભ્યંતર: શુચિ: ॥

પછી—સંકલ્પ કરવો.

અત્રાદ્ય મહામાંગલ્ય ફલપ્રદ, અમુક માસે, અમુક પક્ષે અમુક તિથૌ, અમુક વાસરે, શુભ નક્ષત્રે, શુભ સુસ્થિતે ચંદ્રે શુભ પુણ્ય તિથૌ, મમોપાત દુરિતક્ષય દ્વારાશ્રી પરમેશ્વર પ્રિત્યર્થે પ્રાતઃસંધ્યોપાસન મહં કરિષ્યે ॥

પછી ન્યાસ કરવા. જમણા હાથે નીચે પ્રમાણે સ્પર્શ કરતા જવું.

નંપાદાભ્યાં નમ: (પગને) મોં જાનુભ્યાં નમ: (જાંઘને) ભં કટિભ્યાં નમ: (કેડે) ગં નાભ્યૈ નમ: (ડુંટી) વં હૃદયાય નમ: (હૃદયે) તેં બાહુભ્યાં નમ: (હાથે) વં કંઠાય નમ: (કંઠે) સું મુખાય નમ: (મુખે) દેં નેત્રાય નમ: (નેત્રે) વાં લલાટાય નમ: (કપાળે) યં મૂર્ધ્ને નમ: (બે આંખો વચ્ચે) નમો ભગવતે વાસુદેવાય નમ: સર્વાંગે. પછી આસન ઉપર બેઠાં બેઠાં સૂર્યનારાયણ ભગવાનની ભાવના કરી પ્રાર્થના કરવી.

શ્લોક—ધ્યેય: સદા સવિતૃ મંડલમધ્યવર્તી નારાયણ:
સરસિજાસન સન્નિવિષ્ટ: ॥
કેયૂરવાન્મકર કુંડલવાન્કિરીટી હારીહિરણ્મય
વપુધૃત શંખચક્ર: ॥

પછી ચંદન, પુષ્પ લઇ સૂર્યનારાયણનું પૂજન કરવું.
સૂર્યમંડલસ્થિત પુરૂષોત્તમાયનમઃ ॥ સર્વોપચારાર્થે ગંધાક્ષત પુષ્પં સમર્પયામી. ચંદનને પુષ્પ લઇ બ્રહ્મસ્વરૂપી સૂર્યને અર્પણ કરવું.

પછી નીચેનો મંત્ર બોલી અર્ધ્યપાત્રમાં જલ, ચંદન, પુષ્પ લઇ ઉભા થઇ તરભાણામાં ત્રણવાર અર્ધ્ય આપવા. ત્રણે વખત આ શ્લોક બોલવો.

નમો વિવસ્વતે તુભ્યં ભાસ્વતેવિષ્ણુતેજસે ॥
નમઃ સવિત્રે શુચયે સવિત્રે કર્મદાયિને । શ્રીસૂર્યનારાયણા
યનમઃ એષ તેઽર્ધ્યઃ ।

પછી નમોભગવતે વાસુદેવાય એ મંત્ર ભણી પોતાની ચારે બાજુ જળ ફેરવવું, પછી હાથ ઉંચા કરી સૂર્યોપસ્થાન કરવું. તે વખતે નીચેનો શ્લોક બોલવો.

શ્લોક—નમોઽસ્ત્વનંતાય સહસ્ત્રમૂર્તયે સહસ્ત્રપાદાક્ષિ શિરોરૂબાહવે ॥
સહસ્ત્રનામ્ને પુરૂષાયશાશ્વતે સહસ્ત્રકોટિ યુગધારિણે નમઃ ॥

પછી પુષ્પ ચંદનવાળાં કરી વધાવી બાર નમસ્કાર કરવા.

દ્વાદશ નમસ્કાર—મિત્રાયનમઃ રવયેનમઃ સૂર્યાયનમઃ ભાનવેનમઃ ખગાયનમઃ પૂષ્ણેનમઃ હિરણ્યગર્ભાયનમઃ મરિચયેનમઃ આદિત્યાયનમઃ સવિત્રેનમઃ અર્કાયનમઃ ભાસ્કરાયનમઃ

એ પ્રમાણે નમસ્કાર કર્યા પછી પ્રાર્થના કરવી.

શ્લોક— નમઃ સવિત્રે જગદેક ચક્ષુસે,
જગત્પ્રસૂતિસ્થિતિનાશ હેતવે ॥

ત્રયીમયાય ત્રિગુણાત્મધારિણે,
વિરંચીનારાયણ શંકરાત્મને ॥

પછી સ્થિર ચિત્તથી આસન ઉપર પદ્માસન અગર અનુકૂળ આવે તેવું આસન કરી ગાયત્રી મંત્ર અગર ગુરૂમંત્ર અગર પંચાક્ષર કે દ્વાદશાક્ષર મંત્રની એક, પાંચ કે દશ જેટલી બને તેટલી માળાનો જાપ કરી નીચે મુજબ સંકલ્પ સમાપ્ત કરવો.

સંકલ્પઃ—**અનેન યથાશક્તિ જપપૂર્વક પ્રાતઃસંધ્યાખ્યેન કર્મણા શ્રી પરમેશ્વરઃ પ્રીયતાં નમમ ॥ વિષ્ણવે નમો, વિષ્ણવે નમો, વિષ્ણવે નમઃ ॥**

મધ્યાન્હ સંધ્યા નિમિત્તે એક અર્ધ્ય વિશેષ આપવો. પછી—તિલક, માળા ધારણ કરવાં અને દેવપૂજા હોય તો તે અગર ઇષ્ટ-દેવની કે સદ્ગુરૂ મહારાજની છબી હોય તો તેનું પૂજન કરવું.

— પૂજનવિધિ —

પંચાયતન દેવ હોય તો વિધિપૂર્વક પંચામૃતથી અગર સ્વચ્છ જળથી સ્નાન કરાવવું, છબી હોય તો તેને પોતાની સામે લુછીને પધરાવવી. અને માનસિક પૂજન કરવું, તેમાં પ્રથમ દેવ અથવા છબીમાં પરિગ્રહ પરમાત્માના સ્વરૂપનું ધ્યાન કરવું.

ધ્યાન-શ્લોક—બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્ ॥
દ્વંદ્વાતીતં ગગનસદશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્ ॥
એકં નિત્યં વિમલમચલં સર્વધિસાક્ષિભૂતમ્ ।
ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્ગુરૂં તં નમામિ ॥

પછી માનસિક ભાવનાયુકત, આસન, પાદ્ય, અર્ઘ્યં, આચમન, સ્નાન (દેવ સેવા એટલે પંચાયતન અગર વિષ્ણુ કે જે મૂર્તિ હોય તેને સ્નાન કરાવવું) યજ્ઞોપવિત (જનોઇ) વસ્ત્ર. વિગેરેની માનસિક ભાવના કરી અર્પણ કરવું. પછી ચંદન, પુષ્પ, ધુપ, દીપ કરી, નૈવેદ્ય ધરાવી બને તો થાળ ગાવી.

થાળ.

રાગ આજ શ્યામ મોહીલીનો.

જમોને જીવણલાલ હાલ, થાળ આ તૈયાર છે;
ભાવના ભોજન કેરી, જુઓને જુદી બ્હાર છે. જમો. ટે
ન્હાવું ધોવું નાથ નથી, પ્રેમી પીરસનાર છે,
કોરે કોરું કોડે આણ્યું, ફળ મેવા આહાર છે. જમો. ૧
જમુનાં જળ ઝારી ભરી, પાન કરાવા પ્યાર છે,
મુખવાસ મુખમાં મુકું, બીડી મઝેદાર છે. જમો. ૨
શયન કરાવું શેજ શ્યામ, હૃદય મોઝાર છે,
ગમે તો પોઢો મન હિંદોળે, શાન્તિ ઝુલાવનાર છે. જમો. ૩
શ્રી હરિ—હરિપ્રસાદ, આજ અરજદાર છે,
અરજ સૂણી દો પ્રસાદી, પ્રેમીજન લેનાર છે. જમો. ૪

(પછી આરતીમાં બત્તી સળગાવી ઉભા થઇ આરતી કરવી.)

આરતી

જયજય જ્યોતિ સ્વરૂપ, અખંડાનંદ સ્વામી, ગુરૂ (૨)
પીંડ બ્રહ્માંડે પ્રગટયા, (૨) બળવંત બહુ નામી. જય. ૧
સર્વં ખલ્વિદમ્ બ્રહ્મ, અહં બ્રહ્માસ્મિ, ગુરૂ (૨)
તત્ત્વમસિ પદ પોતે, (૨) અયં આત્માબ્રહ્મ જય. ૨

હૃદયે-કંઠે-નેત્રે, બ્રહ્મ રંધ્રે ભાળુ, ગુરૂ (૨)
અણુ અણુમાં વસીયા (૨) ગુરૂ જ્ઞાને ન્યાળુ. જય. ૩
ધ્યાન, ધારણા, યોગ, સમાધિએ રમતા, ગુરૂ (૨)
નિજરૂપ ભજનાનંદે, (૨) સ્વસ્વરૂપે સમતા. જય. ૪
પંચ ભૂત ઇંદ્રીથી પર, નહિ ચિત્તમાં આવે. ગુરૂ (૨)
મન બુધ્ધથી પાર, (૨) સોહમ્ સોહાવે. જય. ૫
અદ્વૈત અગોચર આપ, અવિનાશી કહાવે, ગુરૂ (૨)
હરિપ્રસાદ હરિઆત્મા, (૨) ગુરૂગાઇ લેઉ લ્હાવો. જય ૬

શ્લોક—કર્પૂર ગૌરં કરૂણાવતારં, સંસારસારં ભુજગેન્દ્રહારં ।
સદા વસન્તં હૃદયારવિન્દે, ભવંભવાની સહિતં નમામિ ॥
મંગલં ભગવાન્ વિષ્ણુઃ મંગલં ગરૂડધ્વજઃ ।
મંગલં પુણ્ડરીકાક્ષો, મંગલાયતનં હરિઃ ॥
સર્વ મંગલ માંગલ્યે, શિવે સર્વાર્થસાધકે ।
શરણ્યે ત્ર્યંબકે ગૌરી, નારાયણી નમોસ્તુતે ॥

એટલું બોલી આરતી ઉપર ચંદનવાળું પુષ્પ ઉતારી પ્રભુને અર્પણ કરવું, પછી આરતી લેવી અને હાથ ધોઇ નાંખી, પુષ્પ ચંદન વાળુ કરી બન્ને હાથમાં ઝાલી રાખી મંત્ર પુષ્પાંજલિ કરવી.

શ્લોક—અસિતગિરિ સમં સ્યાત્કજ્જલં સિંધુપાત્રે ।
સુરતરૂ વર શાખા લેખીની પત્રમુર્વી ॥
લિખતિ યદિ ગૃહિત્વા શારદા સર્વ કાલં ।
તદપિ તવ ગુણાનામીશપારં ન યાતિ ॥ ૧ ॥

એમ કરી પુષ્પાંજલિ અર્પણ કરવી પછી પ્રાર્થના કરવી.

શ્લોક—કરચરણકૃતં વા કાયજં કર્મજં વા
શ્રવણનયનજં વા, માનસં વાપરાધમ્ ॥
વિહિતમવિહિતં વા, સર્વમેતત્ક્ષમસ્વ ।
જય જય કરૂણાબ્ધે, શ્રી મહાદેવ શંભો ॥

પ્રાર્થનાનો અર્થ—હે ઇષ્ટદેવ, હે ઇશ! મેં હાથવડે, પગવડે, વાણીવડે, શરીરવડે, કર્મવડે, કાનવડે, નેત્રવડે, અને મનવડે, જે કોઇ પણ અપરાધ કર્યો હોય, શાસ્ત્રથી વિહિત કે અવિહિત ગમે તેઓ હોય તો પણ હે કરૂણાના સાગર હે પ્રભો! એ સર્વ ક્ષમા કરો. આપની જયજય હો. આર્તનાદથી કરેલી મારી પ્રાર્થના સ્વિકારી લેશો. ૐ શાન્તિઃ આ પ્રમાણે પ્રાર્થના કર્યા પછી પાંચ મીનીટ પ્રભુનું અને આત્માનું ઐક્ય કરી શુદ્ધ ઉંચા સ્વરે નાભિકમળથી નિર્વાણનાદ ગાવો.

—:નિર્વાણાષ્ટક:—

મનોબુદ્ધ્યહંકાર ચિત્તાનિનાહં, નચશ્રોત્રજીહ્વે ન ચ ઘ્રાણનેત્રે ।
ન ચ વ્યોમભૂમિ ર્ન તેજોનવાયુ, શ્ચિદાનંદરૂપઃ શિવોહંઽશિવોહં ॥ ૧॥
ન ચ પ્રાણસંજ્ઞો નવૈપંચવાયું, ર્નવાસપ્તધાતુ ર્નવાપંચકોશઃ ।
નવાક્પાણીપાદં નચોપસ્થપાયુ, શ્ચિદાનંદરૂપઃ શિવોહંઽશિવોહં ॥ ૨॥
નમેદ્વેષરાગૌ નમેલોભમોહૌ, મદોનૈવમે નૈવ માત્સર્યભાવઃ ।
નધર્મો નચાર્થો નકામો નમોક્ષ, શ્ચિદાનંદરૂપઃ શિવોહં શિવોહં ॥ ૩॥
ન પુણ્યં નપાપં નસૌખ્યં નદુઃખં, નમંત્રો નતિર્થં નવેદાનયજ્ઞાઃ ।
અહંભોજનં નૈવભોજ્યં નભોક્તા, શ્ચિદાનંદરૂપઃ શિવોહંઽશિવોહં ॥ ૪॥
નમૃત્યુ નશંકા નમેજાતિભેદ, પિતાનૈવમે નૈવમાતાચ જન્મ ।
નબંધુ ર્નમિત્રં ગુરૂ ર્નૈવશિષ્ય, શ્ચિદાનંદરૂપઃ શિવોહંઽશિવોહં ॥ ૫॥

અહં નિર્વિકલ્પી નિરાકારરૂપી, વિભુત્વાચ્ચ સર્વત્રસર્વેંદ્રિયાણામ।
નચાસંગતં નૈવમુક્તિ ર્નમેય, શ્ચિદાનંદરૂપઃ શિવોહંડશિવોહં ॥ ૬॥
હરિઃ ૐ શાન્તિ શાન્તિ શાન્તિ ૐ તત્સત્ પરમાત્મા સદ્ગુરૂ બ્રહ્માર્પણમસ્તુઃ

પછી વખત હોય વધુ ઇચ્છા હોય તો ગીતા, વિષ્ણુસહસ્ત્ર, ભાગવત વિગેરેમાંથી પાઠ કરવો. અને સેવામાંથી પરવાર્યા પછી વૃધ્ધ વડિલો ઘરમાં હોય તો તેમને પગે લાગવું, સુપાત્ર બ્રાહ્મણ, સંત, સાધુ, મળી આવે તો તેઓનું પૂજન કરી પુણ્યદાન આપવું. પછી પરમાત્માની (ધર્મની) આજ્ઞાનુસાર વ્યવહાર કાર્યમાં પ્રવૃત્ત થવું. પછી મધ્યાન્હકાળે બને તો સ્નાન કરી અગર હાથ પગ ધોઇ ધોયલું વસ્ત્ર પહેરી ભોજન કરવું.

:—ભોજન વિધિ:—

ભોજન કરવા બેસતાં જમણા હાથ તરફ પાણી પીવાનો લોટો અને પવાલુ સ્વચ્છ જળથી ભરી પાસે રાખવો, રસોઈ થયેલી હોય તેમાંથી ભાત હોય તો તે અગર ચોખા ધોઇને ઘી વાળા કરી અગ્નિને ચૂલામાં કે સગડીમાંથી બહાર લઇ પવિત્ર જગ્યાપર સ્થાપવો. ગુરૂમંત્ર ભણી અગ્નિ અને હોમવાના પદાર્થ ઉપર જળ છાંટવું. પાંચ આહુતિઓ નીચેનો મંત્ર ભણી આપવી.

બ્રાહ્મણે નમઃ પ્રજાપતયેનમઃ ગૃહાભ્યોનમઃ કરયપાયનમઃ અનુમતયેનમ

એ રીતે હોમ કરી રહ્યા પછી થાળમાં તુલશી પધરાવી દેવ નૈવેદ્ય કરવું. રાંધેલા અન્નમાંથી, ગોગ્રાસ (ગાયનો ભાગ) શ્વાન ભાગ (કુતરાનો ભાગ) વાયસબલી (કાગડાનો ભાગ) કાઢી મુકવો, જમવાના સમયમાં કોઇ ક્ષુધાર્થી (ભૂખે પીડાતો) અતિથિ—અભ્યાગત આવી

મળે તો તેને ઉત્સાહપૂર્વક જમાડવો, ને તે અભ્યાગતને રાંધેલું અન્ન ખપતું ન હોય તો તેને કોરૂં અન્ન આપવું.

પછી પીરસાયલા પાત્રને જળથી ગુરૂમંત્ર ભણી પ્રોક્ષણ કરવું. અને જમણી બાજુ થાળી પાસે પાણી અંજલી ભરી લીંટાની માફક કરી તે ઉપર ભાત અગર મીઠા વગરનું જે અન્ન હોય તેમાંથી ત્રણ નાની નાની ઢગલીઓ કરવી. ઢગલી કરતાં નીચે પ્રમાણે બોલવું.

ભૂપતયે નમઃ ભૂવનપતયે નમઃ ભૂતાનાંપતયે નમઃ પછી આચમન લેઇ—

> અન્ન બ્રહ્મરસો વિષ્ણુ, ભોક્તા દેવો મહેશ્વરઃ
> એવં ધ્યાત્વા દ્વિજો ભુંક્તે, સોડન્નદોષૈર્નલિપ્યતે ॥

એમ કરી આચમન કરવું. પછી ઘીવાળા ભાતના અગર અન્નના પાંચ ગ્રાસ પાંચ પાંચ દાણા રહે એટલા રહે એટલા લેવા અને એક એક ગ્રાસે નીચે પ્રમાણે બોલી મુખમાં મૂકવા.

પ્રાણાયનમઃ। અપાનાયનમઃ। વ્યાનાયનમઃ। સમાનાય નમઃ। ઉદાનાયનમઃ।

ચાવ્યા વગર કોળીઆ એમને એમ ગળી જવા. પછી ડાબા હાથની આંગળીએ બે આંખે જળ સ્પર્શ કરી ઇચ્છા પ્રમાણે ભોજન કરતાં કોઇને અડકવું નહિ. ગુરૂ સિવાય કોઇનું ઉચ્છિષ્ઠ લેવું નહિ, કોઇનું પીધેલું પાણી પીવું નહિ, મૌનવ્રતથી જમવા નિશ્ચય કરવો, છતાં બોલવું હોય તો ગ્રેગ્ય બોલવું પણ નિષિધ્ધ શબ્દો બોલવા નહિ. જમી રહ્યા પછી આચમન લેઇ હાથ મુખ ધોઈ મુખ શુદ્ધિ માટે બાર કોગળા કરવા. દશવાર ભગવદ્ નામ સ્મરણ કરવું; અને પાન સોપારી લેવાં. શાંતિઃ

બ્રાહ્મણ, અતિથિ કે અભ્યાગત અને ઘરમાં નાનાં બાળક હોય તો તેમનાં પહેલાં જમવું નહિ. પણ તેમને જમાડી અગર જોડે બેસાડી તે જમે ત્યારે જમવું. તેમ કોઇ પરોણા સગાસંબંધી આવ્યા હોય તો તેમને સાથે લેઇ જમવું.

મધ્યાન્હ પછી સાંજ સુધી ઉદ્યમ વ્યવહારનું કાર્ય વિગેરે સત્યતાપૂર્વક કરવું, પણ નવરાશનો વખત હોય તો ઉત્તમ ધર્મનાં પુસ્તકો માંથી તત્ત્વ વિચાર કરવો સ્ત્રી, પુત્રવાળા ગૃહસ્થે નવરાશના વખતે સ્ત્રી, પુત્રને ગૃહસ્થાશ્રમના ધર્મ અને નીતિનો બોધ આપવો. સ્ત્રીરહિત હોય તેણે પુત્ર હોય તો ધર્મ શિક્ષણ આપવું પુત્ર ના હોય તો બ્રહ્મચર્ય અવસ્થા ધારણ કરી વાનપ્રસ્થની પેઠે આત્મ વિચાર કરવા પણ નકામો વખત મિથ્યા ટાયલાંમાં કાઢવો નહિ. નિરંતર પરોપકાર અને પારકાનું ભલું ઇચ્છવું. પણ કોઇની નિંદામાં પડવું નહિ. ધર્મ, નીતિ અને સત્યની વાતો બધાઓની પાસેથી સાંભળવી પણ કુથલી સાંભળવી નહિ.

સાયંકાળ વિધિ

શ્લોક—દીપો જ્યોતિ, પર બ્રહ્મ દીપો જ્યોતિર્જનાર્દન: ।
દીપો હરતુમે પાપં, સંધ્યા દીપ નમોસ્તુતે ॥
શુભં કરોતુ કલ્યાણમારોગ્યં સુખ સંપદં ।
શત્રુ બુદ્ધિવિનાશંચ, દીપ જ્યોતિર્નમોસ્તુતે ॥

પછી ઘરમાં પિતા માતા હોય તો નમસ્કાર કરવા. બન્ધુ કે મિત્ર હોય તો જયશ્રીકૃષ્ણ. જયહરિ જે રીવાજ હોય તે પ્રમાણે કહેવું, બાળકોને આશીશ આપવી. પછી બને તો સ્નાન કરવું અગર હાથ

પગ ધોઇ કોગળા કરી એકાન્તમાં બેસી ઇષ્ટદેવનું સ્મરણ કરવું, એક બે માળા ફેરવવી. પછી જમતા હોય તો જમવું. જમી પાન સોપારી ખાતા હોય તો પાન સોપારી લેવાં. પછી સત્સંગ કથા કીર્તનમાં જ્યાં જતા હોઇએ ત્યાં જવું. દેવમંદિર કે સત્સંગ ભુવનમાં કથા થતી હોય ત્યાં કથાના વખત પહેલાં પાંચ દશ મીનીટ વહેલા જવું. પવિત્ર સ્થાનમાં શ્રોતાઓ બેઠા હોય તેમને જય હરિ જય શ્રીકૃષ્ણ જય રામરામ જે પદ્ધતિ હોય તેમ સર્વને વંદન કરી બેસવું. યુવાનોએ વૃધ્ધોને વંદન કરવું, વૃધ્ધોએ યુવાનોને આશીશ દેવી. બેઠા બેઠા હરિસ્મરણ કરવું અને વકતા (ગુરૂ) પધારે ત્યારે સર્વે જણે ઉભા થઇ દંડવત્ પ્રણામ કરવા. તેમના બેઠા પછી બેસવું, પુસ્તકને પરમાત્મા સ્વરૂપ જાણી ધીરેથી પૂજન કરવું અને નીચેના શ્લોકો બોલવા.

શ્લોક—ગુરૂર્બ્રહ્મા, ગુરૂર્વિષ્ણુ: ગુરૂર્દેવો મહેશ્વર: ।
ગુરૂરેવ પરંબ્રહ્મ, તસ્મૈ શ્રીગુરવે નમ: ॥
શંકરં શંકરાચાર્યં, કેશવં બાદરાયણં ।
સૂત્ર ભાષ્યકૃતૌ વન્દે, ભગવન્તૌ પુન:પુન: ॥
કસ્તૂરીતિલકં લલાટપટલે વક્ષ:સ્થલેકૌસ્તુભં ।
નાસાગ્રેવરમૈકિતકં કરતલે વેણુ: કરે કંકણમ્. ॥
સર્વાંગે હરિચંદનં સુલલિતં કંઠે ચ મુકતાવલિ ।
ગોપસ્ત્રીપરિવેષ્ટિતો વિજયતે ગોપાલ ચૂડામણિ: ॥
નારાયણં નમસ્કૃત્ય, નરંચૈવ નરોત્તમમ્ ।
દેવીં સરસ્વતીં વ્યાસં, તતો જય મુદીરયેત્ ॥
શ્રી શુકં સુખદાતારં, ત્રાતારં ભવસાગરાત્ ।
સત્યપ્રકાશકર્ત્તારં, શબ્દરૂપં નમામ્યહમ્ ॥

બ્રહ્માનંદં પરમસુખદં, કેવલં જ્ઞાનમૂર્તિમ્ ।
દ્વંદ્વાતીતં ગગનસદશં, તત્ત્વમસ્યાદિ લક્ષ્યમ્ ॥
એકં નિત્યં વિમલમચલં, સર્વધી સાક્ષિભૂતં ।
ભાવાતીતં ત્રિગુણરહિતં, સદ્‌ગુરૂં તં નમામિ ॥
યત્રેવ ગંગાયમુના ચ વેણી, ગોદાવરિ સિંધુ સરસ્વતીચ ।
સર્વાણિ તીર્થાણિ વસન્તિ યત્ર તત્રાચ્યુતોદાર કથાપ્રસંગઃ ॥

એમ સર્વે જણે પૂજા કર્યા પછી સ્થિર ચિત્તે ભગવદ્‌ભક્તભાવથી કથા શ્રવણ કરવી. કથા શ્રવણ વખતે બરોબર શબ્દમાં લક્ષ રાખવું અર્થને પૂરેપૂરો સમજવો, શંકા હોય તો નમ્રતાથી પૂછવું અને યોગ્ય સમાધાન કરી લેવું. શાસ્ત્રના વચન ઉપર વિશ્વાસ રાખવો. શંકા સમાધાન ન થાય તો તેથી અકળાઈ જવું નહિ પણ એમ જાણવું કે આજ નહિ કાલ અને કાલ નહિ તો કોઇ વખતે એ શંકા શ્રવણદ્વારા દૂર થશેજ થશે. પ્રેમ અને ભકિત વધારવી પણ કમી થવા દેવી નહિ. શાસ્ત્ર તો શુદ્ધ છે પરંતુ મલિન મનથી તે કદાપિ યથાર્થ ના પણ સમજાય અગર સમાધાન ના પણ થાય તેથી સતશાસ્ત્રમાં ન્યુનતા નથી. કથા સમાપ્ત થાય એટલે અચ્યુતં કેશવં કરી હરે રામ! હરે રામ! બોલ્યા પછી પરમાત્માની સ્તુતિનું નીચે પ્રમાણે પદ ગાવું.

— સ્તુતિ —

શ્રી રામચંદ્ર કૃપાળુ ભજ મન, હરણ ભવભય દારૂણમ્,
નવકંજ લોચન કંજ મુખકર, કંજ પદ કંજારૂણમ્; ૧
કંદર્પ અગણિત અમિત છબી, નવનીલ નીરદ સુંદરમ્,
પટપીત માનહુતડિત રૂચિશુચિ, નૌમિજનક સુતાવરમ્. ૨
શિર કિરીટ કુન્ડલ તિલક ચારૂં, ઉદાર અંગ વિભૂષણમ્;
આજાનુભૂજ શરચાપધર, સંગ્રામજિત ખરદૂષણમ્. ૩

ભજ દીનબન્ધુ દીનેશ દાનવ, દલન દુષ્ટ નિકંદનમ્;
રઘુનંદ આનંદ કંદકોશલ, ચંદ દશરથનંદમ્. ૪
ઇતિ વદતિ તુલસીદાસ શંકર, શેષમુનિ મનરંજનં;
મમ હૃદય કંજ નિવાસ કુરૂ, કામાદિ ખલદલ ગંજનં. ૫
(શ્રી મહાત્મા ગોસ્વામી તુલસીદાસનું)

પછી નિર્વાણનાદનું સ્તવન કરવું અને જય બોલાવી પ્રભુ પ્રસાદ ધરાવેલો હોય તો લઈ સમય હોય તો હરિકીર્તન કરવું અગર ઘર જવું. ઘર જઇ સુતી વખતે દશ વાર હરે રામ! હરે રામ! હરે રામ હરે હરે; હરેકૃષ્ણ હરેકૃષ્ણ હરેકૃષ્ણ હરે હરે! એમ બોલી શાંત વૃત્તિથી નિંદ લેવી અને પ્રાતઃકાલે વહેલા ઉઠી નિત્ય કર્મ કરવું. વિશેષમાં તીર્થસ્નાન, વ્રત ઉપવાસ વગેરે ઘણી શ્રદ્ધાથી કરવાં. એકાદશી પૂર્ણિમા, અષ્ટમી, શિવરાત્રી, નવરાત્રિ, ચતુર્થી નૃસિંહ ચૌદશ વામનદ્વાદશી વિગેરે જરૂરથી કરવાં, પરંતુ ઇંદ્રિયો અશકત હોય, અવસ્થા થઇ હોય, વ્યાધિગ્રત શરીર હોય અને ના બને તેથી ઉદાસ થઇ મુઝવણ કરવી નહિ. સાત્વિક મીતાહાર કરવો અને વૃધ્ધોએ તથા વ્યાધિ ગ્રસ્તોએ તો બહુ ખાવું પણ નહિ, તેમ કોરોમોરો ઉપવાસ પણ કરવો નહિ. સ્થિતિમાં શરીર હશે તો ઇશ્વર ભજન થશે માટે ભજન સારૂ શરીર સ્થિત અને સ્થિર રાખવા યોગ્ય સેવન કરવું. ઇતિ શાન્તિ!

બાળોકોને હિતોપદેશ.

બાળક કે બાળકી પાંચ વર્ષની થાય ત્યાં સુધી માતાપિતાએ લાલન પાલન કરવું, પછી નિશાળે મૂકવાં. નિશાળેથી ઘેર આવે ત્યારે તેઓ શું ભણ્યાં છે, શું શીખ્યાં છે, તેની તપાસ કરવી. તેમાં

ભૂલચૂક રહેતી હોય તે સુધારવી, ભણતરમાં વધારો કરવો. પ્રથમથી ધર્મનીતિનાં આચરણ શીખવાડતા રહેવું. થોડો વખત યોગ્ય છોકરાં સાથે રમવા દેવાં, પણ સંભાળ રાખવી. છોકરાઓને છોકરા સાથે અને છોકરીઓને છોકરીઓ સાથે રમવા દેવી પણ છોકરીઓ સાથે છોકરાઓને કે છોકરાઓ સાથે છોકરીઓને રમવા દેવા નહિ. કારણ બન્નેનાં પરમાણું જૂદાં હોય છે. બાર વર્ષની ઉમ્મર થાય ત્યાં સુધી ઝાઝાં ઘરેણાં પહેરાવવાં નહિ, અને ખાવાપીવામાં લલચાવવાં નહિ. તેમજ બહુ ઝીણાં વસ્ત્ર પહેરાવવાં નહિ. જેમ બને તેમ ખાદી, વિગેરેનાં વસ્ત્ર પહેરાવવાં જેથા બાળકોની તન્દુરસ્તી સારી રહી અંગરક્ષણ થાય. માદક, કેરી પદાર્થોનું સેવન કરાવવું નહિ. ચાહની ટેવ પાડવી નહિ. ચાહથી શરીરમાંનું લોહી બગડી શરીરનો રાજા વીર્ય નિર્બળ થાય છે અને જીંદગી બરબાદ જાય છે. પૌષ્ટિક પદાર્થો દૂધ સાકર વિગેરે આપવાં અગર સાત્વિક અન્ન આપવું તે ઘણુંજ ઉત્તમ છે. બાળકોને બચપણમાંથી સદ્‌ગુણ પ્રાપ્તિ કરાવવી જરૂરની છે. નાનું વૃક્ષ હોય અને તેને વાળે તેમ વળે છે પણ મોટું થયા પછી વળતું નથી. નાનપણથી ધર્મનીતિ અને સત્ય તરફ વાળવાથી બાળક સત્વરે વળે છે. થોડો થોડો વખત આચાર્ય ગુરૂઓના સહેવાસમાં જવા દેવા અથવા જોડે તેડીને જવું, ધર્મરૂપી ધનની પ્રાપ્તિ કરાવવી, આર્થિક અને પારમાર્થિક બન્ને જ્ઞાન તરફ વાળવાં. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ-મનુષ્યે જન્મતાંજ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરાવવો. આને ચતુર્વિધ પુરૂષાર્થ કહેવાય છે. આ શરીર અને આ સંસાર ત્રિવર્ગ ક્ષેત્ર ગણાય છે, માટે આલોક પરલોક પ્રાપ્તિ માટે વ્યહવારિક તથા ધાર્મિક કેળવણી બચપણમાંથી અવશ્ય આપવી. ધર્મજ પરલોકમાં સાધક છે. ધર્મ કર્મ

અને સત્યથીજ ધરા નામ પૃથ્વી શોભે છે. તેટલા સારૂં બાળકો (છોકરાઓ)ની પચીસ વર્ષની ઉમ્મર સુધી લગ્ન કરવાં નહિ; અને બાળકીઓ (છોકરીઓ)ની ૧૧-૧૨ની ઉમ્મર સુધી લગ્ન કરવાં નહિ. ને છતાં, લગ્ન વહેલાં કરવામાં આવે તોય છોકરીઓને રૂતુકાળ પ્રાપ્ત થયા સિવાય એટલે સોળ વર્ષની ઉમ્મર થયા સિવાય સાસરે નહિ મોકલતાં માતપિતાએ ધાર્મિક ગૃહસ્થાશ્રમ ધર્મનું શિક્ષણ આપવું. સાસુસસરાએ પોતાના પુત્રના હિતાર્થે વહુને પુત્રી પ્રમાણે ગણી, ધાર્મિક ગૃહસ્થાશ્રમની કેળવણી આપવા ચૂકવું નહિ જોઇએ. પુત્રને પચીસ વર્ષ સુધી અને પુત્રીને સોળ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમ એટલે પતિપત્ની તરીકે નહિ પણ પૂર્ણ ગૃહસ્થાશ્રમના ધર્મ અને નિત્ય નૈમિત્તિક કર્મ સાથે મોક્ષ પ્રાપ્તિની વિદ્યા તથા આર્થિક સુખનું જ્ઞાન મેળવવા પ્રયત્નશીલ કરવાં. નિશાળમાં, ગુરૂકુળમાં અને થોડો થોડો વખત અવકાશે, શ્રોત્રિય (શાસ્ત્રને ભણવાવાળા) બ્રહ્મનિષ્ઠ (બ્રહ્મપદના જ્ઞાનવાળા અને તેમાં નિષ્ઠાવાળા) સદ્ગુરૂના સહેવાસમાં વખત ગાળતાં શિખવાડવું જોઇએ. મનુષ્ય જન્મની પ્રાપ્તિ પેટભરી વિષયભોગ ભોગવવા નથી પણ સ્વરૂપ જાણવા માટે છે. મનુષ્યયોનિમાં પુરૂષ અને સ્ત્રી અવતાર ધારણ કરી અવસર ચુકે ને સાવધાનપણું નહિ રાખતાં ગફલત રાખે, અને આળસ કરે, તે મહા કષ્ટદાયક જન્મમરણના ફેરામાં પડી વારંવાર દુઃખી થાય છે. માટે "સમય વર્તે સાવધાન" થઇ શ્રી સદ્ગુરૂ શરણ જઇ ઉત્તમોત્તમ ધર્માચરણ ને સત્ય જાણવા, પરમજ્ઞાનવાન ગુરૂની શોધ કરવી અને પુત્રો કે પુત્રીઓને તે માર્ગે ચઢાવવાં. શુદ્ધ શ્રૌત સ્માર્ત સનાતન વૈદિક ધર્મના જાણનારા ધર્માચાર્યો જે બ્રહ્મપદમાં સ્થિત હોય, સ્વાર્થ પ્રપંચથી રહિત હોય,

નિરામાની, અક્રોધી, નિર્લોભી, નિર્મોહી, નિષ્કામી, પવિત્ર આચાર-વિચારમાં પ્રવિણ હોય તેઓની પાસે વિનયથી પરમવિદ્યા, નાનાં મોટાં સર્વ મનુષ્યે પ્રાપ્ત કરી લેવી. માત પિતાએ તેવા માર્ગ અનુસરવા બાલકોને પ્રેરવા જોઇએ, પણ અટકાવવાં નહિ. બાર વર્ષથી તે સોળ સુધી બાળોકોને સાધારણ જ્ઞાન હોય છે, તેથી ત્યાં સુધી બાળકો માટે સંપૂર્ણ કાળજી રાખવી. પછી બાળકોએ પોતે વિચારવંત થઇ કેટલાક નિયમ પોતે પાળવા દ્રઢાગ્રહ કરવો અને સ્વહિત માટે પોતે સત્ય ધર્મમાં નિશ્ચળ રહેવું. પ્રથમ બ્રહ્મચર્ય વ્રત પાળવું. યુવાન બાળકોએ પચીસ વર્ષ સુધી યુવાન બાળકીઓએ સોળ વર્ષ સુધી અખંડ બ્રહ્મચર્યવ્રત ધારણ કરવું. બ્રહ્મચર્યવ્રતથી ભ્રષ્ટ કરનાર આઠ દોષો છે: સ્ત્રી સ્મરણ (૧) સ્ત્રી સબંધી વાતો (૨) સ્ત્રી સાથે ભાષણ (૩) સ્ત્રીનું દર્શન (૪) સ્ત્રી સાથે હસવું (૫) સ્ત્રી સાથે એકાંત (૬) સ્ત્રીનો સ્પર્શ (૭) સ્ત્રી સંજોગ (૮) એ દોષોથી દૂર રહેવું. કારણકે—

દર્શનાત્ હરતે ચિત્તં, સ્પર્શાત્ હરતે ધનમ્ ।

(ધન એટલે બળ)

સંભોગાત્ હરતે વીર્યં, સ્ત્રી હિ પ્રત્યક્ષ રાક્ષસી: ॥

પુરૂષોએ સ્ત્રી માટે અને સ્ત્રીઓએ પુરુષ તાટે સુલટ ઉલટ સમજી લઇ બ્રહ્મચર્યવ્રત રાખવા ચૂકવું નહિ. વ્યસન કરવું નહિ. નિરંતર પ્રાતઃકાળમાં વહેલાં ઉઠવું, આળસમાં વખત વીતાડવો નહિ. શૌચ (જાજરૂ) દાતણ કરી તુરતજ સ્નાન કરી લેવું પછી સંધ્યા પૂજા કરવી તિલક ધારણ કરી સૂર્યને નમસ્કાર કરવા. (પૂજા વિગેરેના નિયમમાં જૂઓ) માતા પિતા, વૃદ્ધ વડીલોને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી પગે લાગવું. લાજશરમ મૂકી માતપિતાનું ચરણપૂજન કરી

ચરણોદક (તીર્થ) લેવું કારણ શાસ્ત્રમાં લખ્યું છે કે:—આચાર્યદેવોભવ। માતૃ દેવોભવ। પિતૃદેવોભવ। વળી મનુભગવાન પણ લખે છેકે:—

શ્લોક—આચાર્યો બ્રાહ્મણો મૂર્તિ: પિતા મૂર્તિ: પ્રજાપતે:।
માતા પૃથિવ્યા મૂર્તિસ્તુ ભ્રાતા સ્વો મૂર્તિરાત્મન:॥
॥ ૨૨૬ ॥ અ. ૨

આચાર્ય (સદ્‌ગુરૂ) બ્રહ્માની મૂર્તિ છે, પિતા પ્રજાપતિની મૂર્તિ છે, માતા પૃથ્વિની મૂર્તિ છે, જેષ્ઠાભ્રાતા પોતાના પંડની મૂર્તિ છે. માટે એ બધા પૂજાવા યોગ્ય છે. બાળકોને જન્મ આપીને ઉછેરવામાં માત પિતા જે દુ:ખ સહન છે તેનો બદલો સેંકડો વર્ષ સુધી સેવા કરવાથી પણ વાળી શકાતો નથી. તેથી માત પિતાના સ્વર્ગસ્થ થયા પછી પણ તેમના બદલા માટે શ્રાદ્ધ, સંવત્સ-રીઓ પૂર્ણ શ્રધ્ધા અને સ્નેહથી કરવાં જોઇએ. મનુ ભગવાન લખે છે કે:—

શ્લોક—ઇમં લોકં માતૃભકત્યા પિતૃભકત્યા તુ મધ્યમમ્‌ ।
ગુરૂ શુશ્રૂષયાત્વેવં બ્રહ્મલોકં સમશ્નુતે ॥૨૨૩॥ અ. ૨.

માતૃભકિત કરવાથી આ લોકને, પિતાની ભકિત કરવાથી મધ્યમ (દેવલોક) ને અને ગુરૂની ભકિત કરવાથી સનાતન બ્રહ્મ લોકને પામે છે. જે એ ત્રણેનો આદરસત્કાર કરે છે તેણે સર્વને આદરસત્કાર કર્યો એમ જાણવું અને જે ત્રણેનો અનાદર કરે છે છે તેની સર્વે ધર્મક્રિયાઓ નિષ્ફળ થાય છે.

માટે માત પિતા, ગુરૂ દેવને સેવવા સંપૂર્ણ શ્રદ્ધા કેળવવી. કદાપિ કાળે સ્વચ્છંદાચાર કરવો નહિ; પરંતુ માત પિતા ગુરૂના વચન ઉપર વિશ્વાસ રાખી આજ્ઞાનું પાલન કરવું અને નિરંતર વિચારવું કે હું એક આર્ય ધર્મના ઉધ્ધારકો–રામ

કૃષ્ણાદિ અવતારો થઇ ગયા તે, અને વશિષ્ઠ, વિશ્વામિત્રાદિક, ભિષ્મ અર્જુનાદિક, મહાત્મા તુલસીદાસ, મીરાં, વગેરેનામાંનો અંશ છું. મારે પવિત્ર આચાર વિચાર ધારણ કરી સત્કર્મમાંજ વિચરવું જોઇએ અને વિશેષ વિચારથી સમજવવું જોઇએ કે સર્વથી શ્રેષ્ટ સનાતન ધર્મનું રહસ્ય છે; જેથી યુરોપ અમેરિકાના તત્ત્વવેત્તાઓ પણ રૂષિમુનિઓની ક્રિયાના બંધારણથી પ્રસન્ન થઇ ગયા છે. આપણને સંધ્યાવંદનાદિ ફારસ જેવાં નહિજ લાગવાં જોઇએ શ્રદ્ધાપૂર્વક નિત્ય નૈમિત્તિક કર્મ ધારણ કરવું જોઇએ જેથી શરીર અને મન બેઉ પવિત્ર થાય છે. ગોળ ખાવાથી ગળપણ જણાય છે, તેમ સત્ક્રિયાઓ કરવાથી સત્ય આનંદ થાય છે. જે દિવસથી શુભ ક્રિયાઓ શરૂ થાય છે તે દિવસથીજ શરીરને મનમાં ઓર ચમત્કાર જણાય છે. જૈનો સમાગ તથા પ્રતિક્રમણના રૂપમાં અને મુસલમાનો નીમાજના રૂપમાં પણ શુભ ક્રિયા કરી શરીર મનને ધર્મ પરાયણ રાખી ઉન્નત કરી રહ્યા છે. આ ક્રિયા નવીન અગર નુકશાનકર્તા નથી પણ સનાતન ધર્મની પ્રણાલિકા છે.

આજ કાલ કળિયુગ અને અજ્ઞાન ભાષાનું જોર વધતું જાય છે. તેથી ફેશન અને અઘટિત રીત રિવાજો વધતા જાય છે. બધાં કરતાં આપણું ગુજરાત ગમે તેવા વેશને ધારણ કરતાં વાર લગાડતું નથી. વસ્ત્ર, બોલી, ખાનપાન વગેરેનું અનુકરણ કરવા મંડી જાય છે. પોતાની સાદાઇ સરળતા વગેરેને ભૂલી માત પિતા વૃધ્ધ વડીલો કે ધર્માચાર્ય સદ્ગુરૂઓની આજ્ઞાઓની તે હાંસી કરે છે. તેનું કારણ પવિત્ર સંસ્કારવાળી માતૃભાષાનો અભાવ છે. સંસ્કારરહિત ભાષા તથા તેઓનું અનુકરણ અભક્ષ્યાભક્ષ્ય અને સંસર્ગ દોષોથી પવિત્રતા આપણે બેઉ નાખ્યાં છે. તેથી શરીર, પોશાક અને શરીરની

શોનામાં સઉ લ્હાણુ માની ધર્મ કર્મ સ્હામું કોઈ જોતું નથી પણ માંકડા જેવા વેશથી ધર્મનો ઉપહાસ કરવા મંડી જાય છે. કેટલાક કહે છે કે એ તો નવરાનો ધંધો ને નવરાની નિશાની છે. અમે ક્યારે પરવારીએ કે એવા ઢોંગ ધતુરા કરવા બેસીએ! એથી શું પરમેશ્વર આવી પૂરું કરી જાય છે? વારુ તેમને પૂછીએ, કે ભાઇ સનાતન પરંપરા ચાલતા આવેલા ધર્મના નિયમોનું પાલન કરવા નવરાશજ નથી, અને થાક લાગે છે. ત્યારે મહેરબાની કરી કહેશો, કે દેશ પરદેશનાં અગર સગા વ્હાલાના અગર પાડોશીના, અગર ધંધાના હજાર કામ કરતાં થાક લાગતો નથી, અલ્લી અને ઢીકાની વાતો સાંભળતાં કલાકો ચાલ્યા જાય છે, તો પણ થાક લાગતો નથી; નવરાશ મળે છે, અને નિત્ય સત્કર્મ, અને ધર્મ કર્મમાં વખતજ નથી એજ જમાનાનું જોર.

સમજી લઇ નાનપણથી પવિત્ર સાત્ત્વિક અન્નનું સેવન કરવું, ઉત્તમ પ્રકારના નિયમો પાળવા. શ્રીમદ્ ભગવદ્ગીતામાં અધ્યાય ૧૭ ને આઠમા શ્લોકમાં આહાર વિષે લખ્યું છે, તેનું પાલન કરવું. (જેમ બને તેમ હમેશ ગીતા શાસ્ત્ર શબ્દાર્થ સાથે જાણી, પોતાના કર્તવ્યમાં મૂકી અનુભવવું.) પચીશ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમમાં જોડાઇ જવું, અને ગૃહસ્થાશ્રમ ધર્મને ધારણ કરવો. સ્ત્રી પ્રાપ્ત થઇ હોય, તો શાસ્ત્ર વિધિ પ્રમાણે વ્યવહાર ચલાવવો. સ્ત્રી ન હોય, તો બ્રહ્મચર્ય વ્રતમાં રહી ઉદર પૂરતો ઉદ્યમ કરી, ઇષ્ટ ચિંતવનમાં કાળ નિમગ્ન કરવો. માતપિતા ગુરૂ વિગેરેની સેવા કરવી. સ્ત્રીવાળાએ સ્ત્રી સાથે રહી, માતપિતા, વૃદ્ધ, વડિલ, ગુરૂઓની આજ્ઞાનુસાર ચાલી, તેમની સેવા ભક્તિ કરવાં, અને ભરણપોષણ માટે સત્ય ઉદ્યમ કરવો. પ્રજોત્પત્તિ માટે સ્ત્રી સેવન શાસ્ત્ર પ્રમાણે કરવું. ગૃહસ્થાશ્રમી પુરૂષોએ સ્ત્રીના રજો-

દર્શનથી સોળ રાત્રી સુધીમાં ચોથી, છઠ્ઠી, આઠમી, દશમી, બારમી, અને સોળમી રાત્રી હોય, તેમાં ૠતુમતિ સ્રીને સેવવી. પરંતુ એ રાત્રિના યોગમાં અમાસ, પૂર્ણિમા, એકાદશી, દ્વાદશી, વૈધ્રત, વ્યતિપાત વિષ્ટી, વ્રત વિગેરે કોઇ તીથિ, કે પર્વણી આવી જાય, તો તે દિવસ ત્યાગ કરવો. એમ ધર્મયુક્ત વર્તવાથી પ્રજા બળીષ્ટ થાય છે.

સોળ રાત્રી પછી રજોદર્શન થતાં સુધી સેવન કરવું નહિ. તેમજ કોઇ દિવસ દિવસે સેવન કરવું નહિ. ગર્ભ રહ્યા પછી સેવન કરવું નહિ, અને દુર્ભાગ્યે સેવન કરનારે ચાર માસ પૂરા થાય, તે પછી તો ગર્ભાવતીના સેવનનો ત્યાગજ કરવો. નહિ, તો તેમ કરવાથી ગર્ભના અંગદોષ અને બુદ્ધિદોષ વૃધ્ધિ પામી હાનિ થાય છે. (શ્વાન ચેષ્ટાનો ત્યાગ કરવો.) આરોગ્ય. મનોબળ, બુદ્ધિબળ, આત્મબળ વધારવા દિવ્ય ગૃહસ્થાશ્રમનું બ્રહ્મચર્ય ઉપર પ્રમાણે પાળવું, એજ શ્રેષ્ઠ છે. ગૃહસ્થાશ્રમ ધર્મથી, ઉત્તરોત્તર કાળમાં જ્ઞાન સંપાદનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. કેવળ વિષયભોગ અને વિષયભોગની ઇચ્છાઓ તો દુઃખદાયક જન્મ મરણને આપનારી છે.

બાળકીઓએ પણ માતાપિતા કે સાસુ સસરા દ્વારા, અને ગુરૂ આચાર્યો દ્વારા સોળ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમના ધર્મ શીખવા પ્રયત્ન કરવો. નાની વયથી માતપિતા અને ગુરૂની શિખામણ માની આળસનો ત્યાગ કરી, ક્ષણે ક્ષણે સતી ધર્મની વિદ્યા ભણવી. ગૃહકાર્ય અને નીતિ રીતિ શીખી લઇ નમ્રતા, સાદાઇ, ને વિનયથી વિવેકી બનવું. ગુંથણ, સીવણ, ભરતકામ, રસોઇ વિગેરે ઘરનું તમામ કામ કાળજીથી કરવું. પરાઇ વસ્તુઓ દેખી ઉચ્છૃંખળતાથી તેની ઇચ્છા નહિ કરવી. ઓઢવા પહેરવામાં ફેશન નહિ રાખતાં સાદું અને સરળતાવાળું, જાડું

અને પવિત્ર વસ્ત્ર પહેરવું. માતૃભક્તિ, પિતૃભક્તિ, સ્વામીભક્તિ, અને સ્વદેશભક્તિ કરવી. નમ્ર બોલવું, જોઇને ચાલવું, લાજ ધરવી, વિનય રાખવો, ઘણા પરિશ્રમથી શીળ, અને પતિવ્રત પાળવું, થોડું, અને પ્રિય સત્ય બોલવું. બાળકોએ પણ ઉત્સાહથી માતા, પિતા, ગુરૂની ભક્તિમાં પરાયણ રહી, સત્યતાએ શૌર્યવાન બની સ્વદેશ સેવા કરવી અને આત્મોન્નતિના માર્ગે અનુસરવું નિરંતર સત્સંગ, સત્ય વિચાર, સદાચરણનું સેવન કરવું. પ્રેમ, અને શાન્તિના પાઠ ભજવા. વીરતા વડે વિજયી થવા, પોતાના અને ભારતના અભ્યુદય માટે કટિબદ્ધ થવું એજ શ્રેષ્ટ છે.

બાળક અને પુરૂષોએ ધર્મ મિમાંસા નિત્યકર્મના પુસ્તકને નિરંતર વાંચવાં. બાળકીઓએ અને સ્ત્રીઓએ સ્ત્રી નિત્યકર્મના પુસ્તકને નિરંતર વાંચવાં. લક્ષપૂર્વક વાંચી હરહમેશ પોતાના શારીરિક, માનસિક ક્રિયામાં ઉમેરો કરવો, જેથી જગતુનિયંતા સત્યધર્મજ્ઞાન વડે પરમ ગતિ પ્રાપ્ત કરાવશે.

ઇતિ શિવમ્ ॥

કુમારિકાનું વિશેષ કર્તવ્ય

કુમારિકાઓએ પોતાને જન્મ આપનાર તથા ઘણા કષ્ટે પાળી પોષી ઉછેરી મોટાં કરી વિદ્યા, વિવેક, વિચાર અને વ્યવહારી જ્ઞાનનું શિક્ષણ આપી નિરંતર ભલું ઇચ્છનાર, માતાપિતા વિષે ઘણા પ્રેમથી પૂજ્યભાવ રાખવો, અને તેમની આજ્ઞાનો ભંગ ન કરતાં પોતાનાથી બનતી સેવા કરવી. તેમને પોતાના કામકાજથી સંતોષ આપવો. તેઓ દુભાય તેવું કદાપિ કરવું નહિ. નિત્ય પ્રાતઃકાળ થતાં પહેલાં ઉઠવું; ને આંખો તથા મોં ધોઇ, ઝાડેજંગલ જઇ આવી, દાતણ

ફરીને ન્હાવું. ટાઢની ઋતુમાં પણ કોઇ દિવસ ન્હાવામાં આલસ્ય કરવું નહિ. માથાના વાળ જુઓથી મેલા નહિ રાખતાં નિત્ય ઓળી ચોળી સ્વચ્છ રાખવા, લુગડાં પણ સ્વચ્છ રાખવાં. પ્રતિદિન ન્હાયા પછી સૂર્યનારાયણને, ઘરમાં અગ્નિ હોય તો તે અગ્નિને, દેવને, ગુરૂને અથવા ગુરૂની છબીને, અને માતપિતા, વૃધ્ધ વડીલોને નીચે બેસી, બે હાથ જોડી ભૂમિપર હાથ મૂકી તે ઉપર માથું મૂકી પગે લાગવું, ને પ્રણામ કરવાં. મોટાભાઇ, ભોજાઇ, અને મોટી બેનને પણ પ્રણામ કરવાં. પવિત્ર સંતસાધુ અથવા બ્રાહ્મણ આવે તો તેમને પણ પ્રણામ કરવાં, અને પછી પોતાની માતાને પૂછી ઘરમાં કામ કરવા લાગી જવું, વાસણ માંજવાં. દાળચોખા વીણવા, પાણી ગાળવું, લોટ ચાળવો, ને જે જે ઘરનાં અગત્યનાં કામ પોતાનાથી બને એવાં હોય તે સાવધાનથી કરવાં. જે કામ પોતાને ન આવડતું હોય તે કામ શિખવાનો ઉત્સાહ રાખી વડીલોના બતાવ્યા પ્રમાણે ચિત્ત રાખીને કરવું. રસોઇનું કામ પણ થોડું થોડું પોતાની માતા અથવા રસોઇ કરનારની પાસેથી ઉત્સાહ રાખી શિખતાં રહેવું, ને પોતાને આવડેલું રસોઇનું કામ કરવાને જ્યારે પ્રસંગ આવે ત્યારે ધીરે રહી, સાવચેતી રાખી, પહેરેલું લુગડું સંકોરી, શરીરે દઝાય નહિ ને રાંધવાની વસ્તુ દાઝી કે બળી જાય નહિ તેમજ તે કાચી કે પાણીપોચી રહે નહિ તથા તેમાં મીઠું, મરચું, હળદળઆદિ મસાલો જોઇતોજ પડે, એમ લક્ષ રાખીને રસોઇનું કામ કરવું. જેમાં સમજણ ના પડે તેમાં પોતાની મા કે કોઈ વડીલને પૂછીને કરવું. જે બાળકીઓ નાનપણમાં આળસુ થઇ ઘરના કામકાજમાં ને રસોઇના કામકાજમાં અણુશિખાઉ રહે છે, તે મોટપણમાં બહુ દુઃખી થાય છે. અને જે તે કામમાં કુશળ હોય છે તે સૌને વહાલી થઇ માન પામે છે. ડાહી બાળકીઓ રીસાળ કે

ાતણુ સ્વભાવ રાખવો નહિ. જમવામાં ભૂખ જેટલુંજ જમવું. પણ
વાદ જાણી વધારે જમવા કુટેવ રાખવી નહિ. પોતાના ઘરમાં જે
ાયું હોય તેજ નિરાંતે બેસી ભૂખ પ્રમાણે જમવું. આખો દિવસ
ચું કોરું ચુકવાની ટેવ રાખવી નહિ. બહુ ખાટા, બહુ તીખા, બહુ
ના અને ગરમ તથા ના પચે એવા પદાર્થ ખાવા નહિ. અજીર્ણ
ાય, ઉધરસ, તાવ, સળેખમ, ખસ, ગરમી થાય, એવા પદાર્થ ખાવા
ાહિ. સારૂં સારૂં ખાવાની, લાલચુપણાની, ઘરમાંથી છાંનુંમાનું ચોરી
ખાવાની ને એકલું ખાવાની કુટેવો કદિ પણ રાખવી નહિ. માતા-
પેતા જે કાંઇ ખાવાપીવાની કે ઓઢવા પહેરવાની વસ્તુ પ્રેમથી આપે
ામાં ઓછું વધતું માની રીસાવું નહિ. ઘરમાં નાના મોટા કામમાં
ાદદ કરવી. બાળકીઓએ કોઇ સદાચરણી શાંત અને ધર્મિષ્ટ શિક્ષિકા
અથવા તેવાજ પુખ્ત ઉમરના પુરૂષ શિક્ષક પાસેથી ગુજરાતી,
ાસ્કૃત અને બને તો રાજભાષાનું ઉપયોગ જેટલું જ્ઞાન મેળવવું.
ા સાથે ભરવાની, સીવવાની, ગુંથવાની અને ચિત્રની કળાઓ પણ
શેખવી. આરોગ્યના નિયમો પણ જાણવા, તથા જ્ઞાન સાથે
ાર્મ-નીતિનું જ્ઞાન અવશ્ય શિખવું. જીવ બધાનો સરખો છે માટે
ાના મોટા જીવને દુઃખ દેવું કે મારવું નહિ.

જેવું દીઠું કે સાંભળ્યુ હોય તેવુંજ વધઘટ કર્યા વિના સાચે સાચું
બોલવું. બહુ બોલવાની, તોછડા કે ભૂંડા શબ્દો બોલવાની, ઘાંટો
ાઢી કે છણકા-છાકોટા કરી બોલવાની અને ચાડી ખાવાની ટેવ
ાખવી નહિ. ખપ જેટલું નરમાશથી મીઠી વાણીમાં બોલવાની ટેવ
ાખવી, હલકી કે ભારે કોઈ વસ્તુની ચોરી કરવી નહિ. નિરંતર
ાવિત્ર રહેવું. જ્યાં ખેલ તમાસા કે નાટક ભવાઇ થતી હોય તથા જ્યાં
છોકરાઓ રમતા હોય અથવા ગાતા, હસતા, બોલતા હોય ત્યાં જવું કે

બેસવું કે ઉભા પણ રહેવું નહિ. નદી તળાવ, વાવ, કૂવા પર એકલા જવું નહિ. પોતાની જે વડી જે બાળાઓ હોય તેમની સાથે બેસવું રમવું, ભણવું કે ગાવું પણ તેવા પ્રસંગ છોકરાઓ જોડે રાખવા નહિ. જે કન્યા ઉંચા કુળની, ઉંચી જાતની. ડાહી, અને શાંત સ્વભાવની, સારા ગુણવાળી, સારી આવડતવાળી, સમજણવાળી, સારી ચાલની હોય તેનો સંગ કરવો, બેનપણાં બાંધવા; પણ જે નીચી જાતની, ઉધ્ધત, ઉછાંછળી, વઢકણી, આળસુ, નિર્લજ્જ, દુરાચારી, દુર્ગુણી હોય તેની સોબત રાખવી નહિ અને બેનપણું બાંધવું નહિ.

કુમારિકાને કરવા યોગ્ય જે જે વ્રત ગૌરી પૂજા (ગોરો) ગાય વ્રત, તુલસીવ્રત, ચાંલ્લાવ્રત, રવિવાર સોમવાર વ્રત, શિવ પાર્વતીનું વ્રત વિગેરે હોય તેને પોતાના દેશાચાર કે કુલાચાર પ્રમાણે માત–પિતા તથા ઘરના કોઇ વૃધ્ધ વડીલની આજ્ઞા લઇને કરવાં. ગોરાના દિવસમાં કેટલીક અણસમજુ છોકરીઓ ભેગી થઇ નિર્લજ્જપણે ન બોલાય એવાં ભૂંડા શબ્દો બોલે છે, કૂદે છે ને ફટાણાં ગાય છે. તેથી આ નીચ કૃત્યથી વ્રતના પુણ્ય કરતાં પાપ બહુ વધી જાય છે એને વ્રતના દેવતા પાપી અને દુષ્ટ કન્યાઓ ઉપર બહુ કોપ પામી તેમના પાપ કર્મનું ફળ આપી તેમને બહુ દુઃખી કરે છે. માટે ગોરાના કે બીજા કોઇ વ્રત ઉપવાસમાં ધર્મ નિયમ પ્રમાણે સાંજ સવાર પવિત્ર થઇ વ્રતના દેવનું પૂજન કરવું. શ્રી શંકર, શ્રી વિષ્ણુ શ્રી સૂર્ય. શ્રી ગણપતિ, શ્રી લક્ષ્મિ, સરસ્વતી અને પાર્વતીજીની સ્તુતિઓ, પવિત્ર સતી ચરિત્રોની ગરીબીઓ કે કીર્તનો ગાવાં. કિંવા ધર્મ નીતિનાં પુસ્તકો વાંચવા, પહેરવા ઓઢવામાં બહુ સાદાઇ રાખવી, સારાં સારાં ઘરેણાં કે નવાં નવાં ઝીણાં લૂગડાં પહેરવાનું મન ન કરવું કારણ કે સારાં ઘરેણાંથી કે તમે લૂગડાંથી શોભતા નથી પણ તમારા સદ્‌ગુણ અને

ડહાપણથી શોભશો. જો કુમારિકાઓને સુખી થવું હોય અને કુમારિકાઓને સુખી રાખવી હોય તો કદિપણ વસ્ત્ર અલંકારોથી લોભાવશો નહિ પણ સદ્દગુણ અને શાણપણ પ્રાપ્ત કરજો કરાવજો. છકેલી ફટકેલી જેવા ચાળા હિંદુ બાળાઓને શોભા આપશે નહિ.

કુમારિકાનાં લગ્ન થયા પછી એ કુમારિકા સોળ વર્ષે સ્ત્રી કહેવાય છે અને સ્ત્રી ધર્મનું એને પાલન કરવાનું છે. લગ્ન ક્રિયામાં સપ્તપદીના પૂજન વખતે વર કન્યા સામાસામી સાત પ્રતિજ્ઞાઓ કરે છે તે પ્રતિજ્ઞાઓ અગ્નિ, બ્રાહ્મણ (આચાર્ય) સૂર્ય ચંદ્ર દેવ માત–પિતા અને સભામંડળની સાક્ષિસમક્ષ થાય છે. તેમાં કન્યાની સાત પ્રતિજ્ઞાઓ આ પ્રમાણે છે.

કન્યા વરને કહેછેઃ–હે સ્વામીન્ ! મેં આ મોટું સૌભાગ્ય આપનાથી મેળવ્યું છે. (૧) માટે આપ જે કાંઇ લાવશો તેમાં હું ઘરનો નિર્વાહ કરી સંતોષ માનીશ. (૨) નિત્ય હું આપની આજ્ઞા પાળીશ (૩) હું પવિત્ર રહી સારા શણગાર ધારણ કરી મન વચન અને કર્મ વડે આપની સાથે રમીશ. (૪) દુઃખમાં ધીરજ રાખનારી ને સુખમાં પ્રસન્ન થનારી હું આપના સુખ દુઃખમાં ભાગિયણ છું, આપની આજ્ઞા વિના હું કોઇ સ્થળે જઇશ નહિ (૫) સુખેથી હું આપના ઘરનાં બધાં કામ કરીશ. સાસુ સસરાની સેવા અને આપના બંધુઓનો સત્કાર કરીશ. જ્યાં આપ ત્યાં હું ને હું ત્યાં આપ એમ આપણી સાથે એકતાથી વર્તીશ, હું પ્રતિજ્ઞા ભંગ કરીને આપને કદી ઠગીશ નહિ, ને આપ પણ મને ઠગશો નહિ.(૬) હું હોમ યજ્ઞાદિના કામમાં નિત્ય આપને સાહ્ય કરીશ. નિત્ય નૈમિત્તિક કર્મોમાં પણ મદદ કરીશ, તથા ધર્મ અને કામ સંબંધી કાર્યોમાં આપના મનની ઇચ્છા પ્રમાણે વર્તીશ તથા આપ ધર્મપરાયણ રહી મને ધર્મમાં જોડશો જેથી આપણુ

બન્નેનું શુભ થશે. અમારી પ્રતિજ્ઞાઓના બ્રાહ્મણ, અગ્નિ, દેવ, સૂર્ય, માત પિતા અને સંબંધીઓ એ સર્વ સાક્ષિ રૂપ છે. આ સાત પ્રતિજ્ઞા વચનોનો નિત્ય પાઠ કરી, સ્મરણમાં રાખી, તેનું પાલન કરવું પણ કદાપિ પ્રતિજ્ઞાભંગ કરવો નહિ.

—વહુઓના ધર્મ—

નવોઢા, પ્રૌઢા તથા સર્વ સૌભાગ્યવતીઓએ જાણવું જોઇએ કે આ શરીરને પ્રથમ કુમારિકા સ્થિતિમાં જન્મ આપનાર માતા પિતાના મમત્વનો અધિકાર હતો, તેમના સ્વાધીનમાં રહેવાનું હતું તે હવે તેજ આ શરીરને લગ્ન વેળાએ હસ્ત મેળાપ કરતાં જમણો લઇ પતિના જમણા હાથમાં મૂકી કન્યાદાન કરી, પોતાના મમત્વનો અધિકાર ઉતારી સગાં સંબંધી અને જ્ઞાતિ બ્રાહ્મણ અગ્નિ આદિ દેવોની સાક્ષિએ પતિના સ્વામિત્વનો (ધણી પણાનો) અધિકાર સિદ્ધ કરી આપ્યો છે. તેથી હવે માત પિતાનો અધિકાર મટી પતિનો થએલો છે માટે નિરંતર તેમછોજ વશવર્તી થઇ રહેવું. શરીર સ્વામીનું, શરીરને પ્રેરનારૂં મન પણ સ્વામીનું અને શરીરના અલંકાર વસ્ત્ર ધનાદિક પણ સ્વામાનાંજ છે એવું નિરંતર લક્ષ રાખી પતિ પ્રસન્ન રહે એવું કર્તવ્ય કરવું. સ્ત્રીએ પરણ્યા પછી પિતાનું ઘર એ પરઘર અને પતિનું ઘર એજ પોતાનું ઘર જાણવું. (ચંદ્ર કિરણોથી શિતલ છે, પ્રકાશમાં ઉજવળ છે. લોકોના નેત્ર અને શરીરને આનંદ આપે છે પણ જેવો રાત્રિરૂપી પોતાના ઘરમાં શોભે છે તેવો તે દિવસે સૂર્યના પરઘરમાં રહી દેખાતા છતાં શોભતો નથી. સ્ત્રી જેવી પોતાના સાસરામાં રહીને શોભે છે તેવી તે ગુણના ભંડારરૂપ હોય તોપણ પિયર કે મોસાળમાં કે બીજા સગા સંબંધીના ઘરમાં રહી શોભતી નથી. જયમ સ્થાન ભ્રષ્ટ થયેલો રાજા પ્રધાન કે કોઈ અધિકારી શોભતો

નથી તેમ સ્ત્રી પણ પતિના ઘર રૂપ સ્થાનથી ભ્રષ્ટ થયલી બાપ ભાઇ કે મામા માશીના ઘરમાં શોભતી નથી. હજાર સદ્દગુણો હોય છતાં પતિવિમુખતા (અણબનાવ)નો એકજ અવગુણ સ્ત્રીમાં હોય તો તે ઢંકાઇ જાય છે અને તેના હજાર દોષ હોય છતાં પતિ સેવાનો માત્ર એકજ ગુણ જો હોય તો તે હજાર દોષ ઢંકાઇ જાયછે, અથવા ડાહ્યા મનુષ્યો ગુણ રૂપ ગણે છે.

પતિની પ્રસન્નતા માટે ઘર અને સઘળાં ઘરનાં સાહિત્યો સ્વચ્છ તથા સુશોભિત રાખવાં. શરીર પણ સ્વચ્છ રાખવું. આનંદમાં રહેવું, રીસ, ક્રોધ, કે ઉદાસીનતા સ્વામીને બતાવવી નહિ. ઘરમાં તમામ વસ્તુની સંભાળ રાખવી. પોતાને માથે જે વડીલ હોય, તે કામ કરતાં હોય, તો તે જોઇ પોતે બેસી રહેવું નહિ, પણ તેમની પાસેથી વિનયથી માંગણી કરી ધ્યાન રાખી કામ કરી લેવું. સાસુ, નણંદ, દેરાણી, કે જેઠાણીમાં કામ માટે પરસ્પર ચડસાચડસી કરવી નહિ. પોતાને કામ કદાપિ વધારે કરવું પડે, તો સહન કરી લેવું. પોતાની શક્તિ ઉપરાંતનું હોય, તો તે કામ બતાવનારને નમ્રતાથી યુક્તિપૂર્વક આજીજી સાથે કહી દેવું. કામ કરવામાં આળસ રાખવું નહિ. કામ કરવામાં આળસુ સ્ત્રીઓને બેસી રહેવાથી કાંઇ લાભ થતો નથી, પણ જઠરાગ્નિનું મંદપણું, શરીરની જડતા અને મન ઇંદ્રિયોનું ભારેપણું, અને બીજ-વાટ, ઇત્યાદી દોષો વધે છે અને સાસરીઆંના માણસોમાં પણ તે અળખામણી ગણાય છે. જે આગળ પડી છૂટથી કામકાજ કરે છે, તે સાસરીઆં અને સર્વ માણસોને વહાલી થાય છે. 'કામ એક જાતનું કામણ છે. કામ કર્યું, તેણે કામણ કર્યું.' તેના પર સૌ સ્નેહ રાખે છે, તેની સારી પ્રશંસા કરે છે, એટલુંજ નહિ, પણ કામકાજ કરવાથી શરીરમાં આરોગ્ય વૃદ્ધિ વિગેરે લાભો પ્રાપ્ત થાય છે, મન

ઇંદ્રિયોની સ્વચ્છતા વધે છે, તેમજ નિદ્રા, તંદ્રા આદિ દોષો નિવૃત્ત થાય છે. માટે પોતાને કામ કરવાનું મળતાં, તે કામ બતાવનારનો ઉપકાર માની ઉત્સાહથી કરવું.

સંસારમાં સ્ત્રીઓને સર્વ સુખના સ્થાનરૂપ પોતાનો સ્વામી છે. તેમના માતપિતાઓ પરમ પૂજ્ય છે, જેઓ સ્વામીના શરીરને પ્રકટાવનાર છે, પ્રેમપૂર્વક પાલનપોષણ કરનાર, જેઓ તેમના ભવિષ્યના સુખ માટે વિદ્યા, વ્યવહાર, અને ધર્મજ્ઞાનમાં પ્રવિણ કરનાર છે, અને મહા કષ્ટે સંપાદન કરેલી વહાલામાં વહાલી ધનાદિ વસ્તુઓને પણ પુત્ર કરતાં અધિક પણ જેઓ માનતા નથી, પુત્રના દુઃખે દુઃખી, અને સુખે સુખી, તથા નિરંતર તેને જોઇ પ્રેમાશ્રુઓ પાડે છે, અને અહર્નિશ શુભ ચિંતન કરે છે અને જેના બદલામાં જોતાં, આખા વિશ્વમાં કોઇ મળે નહિ. એવાં પોતાનાં સાસુ અને સસરા તેમના વિષે અત્યંત પૂજ્ય ભાવ રાખી પોતાના માત-પિતા તુલ્ય સ્નેહ રાખી, કદાપિ દુભવાય ન દેતાં પ્રસન્ન રાખીને તેમની સેવા કરવી. પતિના શરીર, ચાતુર્ય, વિદ્યા, જ્ઞાન, ઘર, ધનાદિક જે જે સુખો મળે છે, તે તે સઘળાં એ વૃધ્ધોનાજ પ્રતાપથી છે એમ માની યોગ્ય સેવા કરવા ચૂકવું નહિ. કદાપિ તેઓ તામસી, જાડી બુદ્ધિનાં, અણસમજુ, ચીઢીઆ સ્વભાવનાં, અદેખાં, જૂના વિચારનાં, ગ્રામ્ય આચારવિચાર તથા વર્તનવાળાં ને વઢકણાં હોય તથાપિ ચતુર સ્ત્રીઓએ તે વૃધ્ધોના દોષો ન જોતાં વિવેકથી નમ્રતાથી તેમને વશ કરવા, પ્રથમ તેમના સ્વભાવને મળતાં રહી તેમની પ્રીતિ મેળવી લેવી, કે જેથી તેઓ પોતાને વિરૂદ્ધ લાગે નહિ. સ્ત્રીઓની ચતુરાઇ, વિદ્યા, ડહાપણ, અને સદ્‌ગુણોની ખરી કસોટી ત્યારેજ થાય છે કે જ્યારે પારકાંને પોતાનાં કરી સાસરીયામાં સમાવેશ કરી શકાય, તથા વિરૂધ્ધ સ્વભાવનાં સાસરીઆપક્ષનાં સઘ-

ળાંની પોતાના પર પ્રીતિ મેળવી લેવાય. વૃદ્ધોની સેવા કરવાથી, આયુષ્ય, વિદ્યા, કીર્તિ અને બળની વૃદ્ધિ થાય છે.

પગની ઘૂંટી ઢંકાય ત્યાં સુધી વસ્ત્ર પહેરવું. એથી ઉંચું પહેરવું નહિ, કાપડું કે ચોળી પહેર્યા વિના ફરવું નહિ. કામ વિના જ્યાં ત્યાં ફરવાની ટેવ રાખવી નહિ. કોઈ કારણ પ્રસંગે બહાર જવું પડે તો કોઇ વૃદ્ધ તથા પવિત્ર સ્ત્રીઓની સાથે જવું. અને ત્યાં પ્રયોજન જેટલું જ ટકવું. માર્ગમાં ડાબો ખભો ઉઘાડો રાખી ચાલવું નહિ; બહુ ઉતાવળાં કે છટકેલ સ્ત્રીઓની પેઠે ચટક-મટક ચાલવું નહિ. માર્ગમાં સાસરા પક્ષમાં માન-મહત્તાવાળા પુરુષો સામા મળતાં તેમની મર્યાદા લોપી સામા થઇને ચાલવું નહિ. પણ એક પડખે પૂંઠ ફેરવીને ઉભા રહેવું. માર્ગે ચાલતાં સામા મળતા જે તે પુરુષો સામું આડું-અવળું ન જોતાં પોતાને ઠેશ ન વાગે, કાદવ-કાંટાવાળા કે અપવિત્ર સ્થળમાં પગ ન પડે, અથવા કોઇ જીવજંતુ ઉપર પોતાનો પગ ન આવે એમ નીચી દ્રષ્ટિએ માર્ગ સામું જોઇને ચાલવું. માર્ગમાં ઉભાં રહીને પોતાના સંબંધી વર્ગના પુરૂષ સાથે પણ વાત કરવી નહિ. પોતાની છાતી, નાભિ અને ગુહ્ય અવયવો કોઈને બતાવવા નહિ, દાંત બહાર દેખાય તેમ છુટે મોંઢે હસવું નહિ. પતિવ્રતા સ્ત્રીઓએ પરપુરુષને સર્પ કે વ્યાઘ્ર જેવો માની બહુ દૂર રહેવું. પરપુરૂષનું મુખ ભાદરવાની અજવાળી ચોથના ચંદ્ર જેવું દુષિત-ન જોવા યોગ્ય-જાણી દુરથી અનાયાસે પણ તે ન દેખાય એટલા માટે ચંદ્ર સામું મુખ આડે વસ્ત્ર રાખે છે, અગર નીચું કે આડું જોઇ જેમ મનુષ્યો ચાલ્યા જાય છે, તેમ સ્ત્રીઓએ પરપુરૂષની લાજ કાઢવી. ગુજરાત, કાઠિયાવાડની સ્ત્રીઓમાં લાજ કાઢવાનો ચાલ નિંદવા યોગ્ય નથી પણ વખાણવા યોગ્ય છે. ઉત્તમ પતિવ્રતા સ્ત્રીઓ પરપુરૂષને સ્ત્રીવત જૂએ છે.

ને મધ્યમ પતિવ્રતા સ્ત્રીઓ પિતા-ભાઇતુલ્ય જાણે છે. કનિષ્ટ પતિવ્રતાઓ પરપુરૂષવત્ જોઇ તેની લાજ કાઢી ફરે છે, એ ત્રણ પ્રકારની સ્ત્રીઓ ઉત્તમજ છે. પણ જે સ્ત્રીઓ પરપુરૂષ સાથે કુભાવથી હસે, બોલે, રમે, તાળીઓ લે, ઠઠ્ઠા મશ્કરીઓ કરે તે અધમ છે. અને જાર બુદ્ધિથી પરપુરૂષનું સેવન કરે તે તો છેક અધમાધમ (વ્યભિચારણી) ગણાય છે. એ નર્કગામિની થાય છે. માટે ઉપરના ત્રણમાંથી ગમે તે ભાવ હોય છતાં લાજ કાઢવી એ શ્રેષ્ટ છે. માટે જે દેશમાં કે જે જ્ઞાતિમાં સ્ત્રીઓને લાજ કાઢવાનો રિવાજ ન હોય ત્યાં લાજનું અનુકરણ અવશ્ય થવું જોઇએ. લાજ ન કાઢવાથી કામી પુરૂષો કામદ્રષ્ટિથી છુટથી બોલવાનો, અને એકાંત લેવાનો ઉપાય રચી સ્ત્રીઓના શીલનો ભંગ કરવાનો ઉપાય સાધી શકે છે. માટે પોતાનાં યુવાવસ્થાનાં ત્રિશ વર્ષ વિત્યા સુધી લાજમલાજાના ચાલનો ન્યુન માત્ર પણ પરિત્યાગ કરવો નહિ- સૂક્ષ્મદ્રષ્ટિથી જોતાં આ લાજ-મલાજાનો વૃદ્ધસંપ્રદાય ઘણા સદ્વિચારથી પ્રવર્તેલો છે. પોતાના પતિ વિના અન્યપુરુષનું મુખ ન જોવું એ હેતુને લીધે જ, આચાર્યોમાં અને રાજયકુટુંબની સ્ત્રીઓમાં અંતઃપૂરમાં રહેવાનો અથવા પટાંતરે (ઓઝલ) રહેવાનો સંપ્રદાય પ્રવર્તેલો છે. તે બહુ મહત્ત્વવાળો હોવાથી પાલન કરવા યોગ્ય છે.

આપણા આર્ય વર્ગમાં છે એટલુંજ નહિ પણ મુસલમાન ભાઇઓમાં પણ બુરખાનો રીવાજ છે, ઓઝલ પડદે રહેવાનો રીવાજ છે. વળી એમની સ્ત્રીઓ તો એટલી બધી મર્યાદાશીલ છે કે નાટક, તમાસા ખેલ અને જાહેર મેળાવડામાં પણ જઇ શકતાઓ નથી. એમના ધર્મ કાર્યમાં પવિત્રતા અને નિમાજ વિગેરે યથાસ્થિત પાળી શકે છે; ત્યારે આપણા આર્ય ધર્મીઓની સ્ત્રીઓ નાટક-ચેટક, તમાસા અને જાહેર મેળાવડામાં છચોક, છત્રી, બુટ, ચશ્મા ચઢાવી ફેશનવાળા

વસ્ત્ર અને વાંકા સેંથા પાડી અધઉઘાડે માથે વાતોના તડાકા મારતી આંખની ભ્રમર ચઢાવતી જ્યાં ને ત્યાં ચિકારજ હોય છે. તેથી અનીતિના માર્ગો ખુલ્લા કરવામાં આર્યમહિલાઓ અગ્રગણ્ય ગણાય છે; એ ઘણી દીલગીરીની વાત છે. ચેતવા જેવું છે. દેવ દેવસ્થાન, મંદિરોમાં પણ સ્ત્રીઓનો વર્ગ સવાર સાંજ અસુરી વેળાએ ચાલતો મહાલતો જોવામાં આવે છે; "અહિં લખનાર દેવ દેવસ્થાન, મંદીરોની નિંધા કરવા નથી માગતો પણ સ્ત્રીઓએ પતિપરાયણ રહી યોગ્ય નિયમને ધારણ કરી પોતાના પવિત્ર દેવાલયોને વિષે પ્રીતિ પૂર્વક શ્રદ્ધાથી, સાદાં, પવિત્ર, અંગ ના દેખાય એવાં વસ્ત્ર પહેરી, આઘું ઓઢી નિચી દૃષ્ટિએ જીવજંતુ જોતાં (જીવ ન મરે માટે) ચિંતન કરતાં કરતાં એકવાર દર્શન કરવાં જોઇએ. અને કોઇને પોતાના અંગનો સ્પર્શ નહિ થવા દેવા કાળજી રાખવી જોઇએ." લજ્જા ધારણ કરવી એ સ્ત્રીઓની મુખ્ય ફરજ છે. લાજવડે–જે અંતઃપુરમાં રહેનારી–જનાનાની સ્ત્રીઓ આ નિયમનું પાલન કરીને પર પુરૂષોનું મુખ જોતી નથી, તેમની દૃષ્ટિની ચંચળતા ન વધવાથી નેત્રના દિવ્ય બળની વૃધ્ધિ થાય છે, ને તેમનું મનોબળ પણ બહુ વધે છે. ને એવા મનોબળવાળી સુરક્ષિત સ્ત્રીઓજ પ્રજાના સમસ્ત સુખના આધારરુપ શૂર કુમારોને જન્મ આપી વીરમાતાઓની ગણનામાં ગણાય છે. એવી જનાનામાં રહેનારી, ગૃહસ્થાશ્રમ ધર્મને જાણનારી, પોતાના વૃદ્ધો દ્વારા રાજ્યનીતિનું, તથા યોગ્ય ગુરૂઓદ્વારા ધર્મનીતિ અને અધ્યાત્મવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કરી; ઇંદ્રિય મનોબળ વડે આપત્તના સમયે રણમેદાનમાં પડી શત્રુઓના સામે શિર ઝુકાવી યુદ્ધમાં પણ પોતાના પતિનું રક્ષણ કરી સતીત્વ પ્રભાવે રિપુદળને નષ્ટ કરી નાખ્યાં છે. અથવા તો સતીત્વ ભંગના પ્રસંગે શત્રુ-

ઓને શ્રાપ આપી પોતાના દેહને ભસ્મિભૂત કરી દીધો છે. એ બધુ મર્યાદાપૂર્વક ધર્મયુકત પતિભકિત અને સતીત્વ પ્રભાવનુંજ કારણુ છે. માટે સધવા સ્ત્રીઓને તો સદ્‌ગતિ આપનારૂં પોતાનુ પાતિવ્રત્યજ છે, એમ સમજીને નિરંતર તનમન અને ધનથી પતિ સેવાપરાયણુ રહેવું, પોતાનો પતિ ગુણુવાન્ કે ગુણુ વગરનો હોય, લૂલો, લંગડો, બહેરો, બોબડો, અવિવેકી ગમે તેવો હોય તથાપિ તેને ઇશ્વરરૂપજ સમજી તેનાથી વિરૂધ્ધ કયારે પણુ વર્તવું નહિ. પ્રાણાંતે પણુ પતિ આગળ જુઠ્ઠુ બોલવું નહિ; પતિ ગુસ્સે થયેલા હોય છતાં સ્ત્રીઓએ તો હસ્તે મુખે, મધુર વાણીથી, સરળતા અને શાંતિથી, તેઓ પ્રસન્ન થાય એવી પ્રિય વાણીનો ઉચ્ચાર પતિ પાસે કરવો. સ્વામીન જમ્યા પછી જમવું ને સ્વામીના સુતા પછી સુવું; પણ તેમના પહેલ ઉઠવું. પોતાના સ્વામીના આયુષ્યની વૃદ્ધિ માટે સુજ્ઞ સ્ત્રીએ કપાળમ કંકુનો ચાંલ્લો કરવો, આંખમાં કાજળ આંજવું, ચોળી વા કાપડુ પહેરવું. કોટે મંગળ સૂત્ર પહેરવું, નિત્ય માથામાં ધુપેલ નાંખી વાળ ઓળી ગુંથી અંબોડો વાળવો. હાથે પતિની સંપત્તિ પ્રમાણે કંકણ કડા કે ચુડીઓ પહેરી રાખવાં. કાચની બંગડી સુજ્ઞ સ્ત્રીએ નહિ પહેરવી એજ ઉત્તમ છે. કાનમાં સુવર્ણમય કાપ વિગેરે પહેરવું. અ નિત્યના અલંકારો કદિપણુ દૂર કરવા નહિ એ સૌભાગ્ય ચિન્હ છે બ્રાહ્મણો જેમ ઉપવીત કાઢતા નથી તેમ સૌભાગ્યવતીએ ઉપરન સૌભાગ્ય અલંકારો દૂર કરવા નહિ. પોતાના સ્વામીની વૃદ્ધિ મા તેમના નામનો ઉચ્ચાર કરવો નહિ. એટલાજ માટે પ્રાચીન આ સ્ત્રીઓએ કોઈ અગત્યના સ્થળે પતિના નામનો ઉચ્ચાર ન કરત પ્રેમાવેશમાં, દુઃખમાં, ભયમાં તથા ધીરજ ન રહેવાના સમયમાં પણ પ્રિય પ્રિયતમ, વહાલા, નાથ, પ્રાણુનાથ, શિરોમણી, જીવ


હૃદય મણિ, નયન મણિ, કહેવું અને અધિક વયના અન્ય પુરૂષને પિતા સમાન, સમાન વયનાને ભાઈ સમાન, પોતાથી નાની વયના પુરૂષને પુત્ર સમાન જાણવા. ક્યારે પણ નિર્લજ્જના જેવું આચરણ કરવું નહિ. એકલા બહાર કે પરગામ જવું નહિ, પતિના વિયોગ સમયે બ્રહ્મચર્ય પાળવું. સ્વામીની આજ્ઞા લઇ તીર્થ, વ્રત, ઉપવાસ દેવ મંદિર, ગુરૂપૂજન, કરવાં. પતિની આજ્ઞા વિરૂદ્ધ કોઇપણ કાર્ય કરવું નહિ. તેમજ પતિએ પત્નિના હિત અર્થે શુભ કાર્યમાં વિના કારણે અટકાવ કરવો નહિ; કારણ પત્નિથી પતિ અને પતિથી પત્નિ એમ ઉભય એક રૂપથી જે કાય કરાય છે તે કાર્યથી દેવ, ગુરૂ વિગેરે પ્રસન્ન થઇ શુભ આશિર્વાદો આપે છે. પતિ વિના પત્નીને કે પત્નિ વિના પતિને યજ્ઞાદિક કાર્યના ફળની સફળતા મળતી નથી. બંને પાંખનું પ્રાણી સત્વર ગગનમંડળમાં ઉડી શકે છે. તેમ ગૃહસ્થાશ્રમ ધર્મ બે પાંખ વિના યથાર્થ ઉડી કે શોભી શકતો નથી. એકલો સ્ત્રી વિનાનો ગૃહસ્થાશ્રમી, યોગી કે ત્યાગી, વાનપ્રસ્ત કે સન્યાશાશ્રમમાં શોભે તેવો ગૃહસ્થાશ્રમમાં શોભવો કઠીણ છે. અથવા પુત્ર પુત્રાદિ વિગેરે હોય છતાં પોતાના જીવનને માટે બધું નકામું છે. ઘણા રાજાઓએ પણ રાજ્ય, પુત્ર, ધનાદિક છોડી મોક્ષ માટે ઉત્તર અવસ્થામાં એકલા અગર સ્ત્રી સાથે પવિત્ર વનક્ષેત્રોમાં જઇ આત્મપ્રાપ્તિ સિદ્ધ કરી છે. માટે ગૃહસ્થાશ્રમી સ્ત્રી પુરૂષે હળીમળી પરસ્પર એકાત્મપણે શુભાચરણ કરવાં એ અત્યુત્તમ છે. માટે પતિએ અને પતિના કુટુંબ વર્ગે સ્ત્રીઓને સન્માન, સત્કાર અને માન્ય દ્રષ્ટિથી પ્રસન્ન રાખવી, તેમજ સ્ત્રીઓએ પતિ અને પતિના કુટુંબ પ્રત્યે નિરંતર સ્નેહથી વર્તવું, અને તેમની આજ્ઞાનું પાલન કરવું. તેથીજ પોતાનું હિત, પોતાનું સુખ અને પોતાનું સર્વ કલ્યાણ છે.

રજસ્વલા સ્ત્રીઓને પાળવાનો નિયમ

બહુધા સ્ત્રીઓને બારમા વર્ષથી પચાસ વર્ષ સુધી પ્રત્યેક માસે ઋતુ–રજસ્વલા પ્રાપ્ત થાય છે. સ્ત્રી રજોદર્શનના ત્રણ દિવસમાં અપવિત્ર ગણાય છે. ચોથે દિવસે ન્હાયા પછી ઘરમાં સ્પર્શ કરવા યોગ્ય શુધ્ધ થાય છે તથા પાંચમે દિવસે સ્નાન કર્યા પછી દેવ પૂજનાદિ પુણ્ય કર્મ કરવાને યોગ્ય થાય છે. રજસ્વલા સ્ત્રીએ બની શકે તો પહેલા ત્રણ દિવસ સુધી કોઇને પોતાનું મુખ બતાવવું નહિ કે વચન પણ સંભળાવવું નહિ, શરીરે તેલ ચોળવું નહિ, ફૂલ કે અલંકારો ધારણ કરવાં નહિ, આંખ આંજવી નહિ, શરીરે ચંદન લેપન કરવું નહિ, વાળ ઓળવા નહિ, દાતણ કરવું નહિ, પણ કોગળા કરી મુખ સ્વચ્છ કરવું, સ્નાન પણ કરવું નહિ, રોવું કે આંસુ પાડવાં નહિ, થાક લાગે એવું કામ કરવું નહિ, જમીન ખોદવી નહિ, નખ કાપવા નહિ, દોડવું કે હસવું પણ નહિ, દૂધ, ખાટા પદાર્થો–કે વાયુ વધારનારા પદાર્થો ખાવા નહિ. ચોથે દિવસે સ્નાન કરી પોતાના દેહની શુદ્ધિને માટે પંચગવ્ય (ગાયનું છાણ, મૂત્ર, દૂધ, દહીં અને ઘી) એકઠું કરીને પ્રાસન કરવું ન્હાયા પછી પોતાના સ્વામી કે સૂર્યનારાયણ અગર ભગવાનની છબી કે સદ્‌ગુરૂની છબીનું દર્શન કરવું, પણ બીજા કોઇનું મુખ જોવું નહિ, પ્રજોત્પતિ માટે સ્ત્રીઓને ચોથી, છઠ્ઠી, આઠમી, દસમી, બારમી, ચૌદમી અને સોળમી, રાત્રિ શ્રેષ્ઠ ગણાય છે. તેમાં વૈધૃત, વ્યતિપાત કે કુયોગ ન હોવો જોઇએ. અમાસ, એકાદશી, બારસ, પુનમ પણ ત્યાગ કરવા યોગ્ય તિથિઓ છે. તે ત્યાગ કરી ચોખ્ખા દિવસમાં પ્રજોત્પતિ માટે પતિ સાથે રાત્રે સહગામી થવું. બાકીના દિવસો બ્રહ્મચર્યવ્રત પાળવું.

ગર્ભિણી સ્ત્રીના નિયમો

ગર્ભિણી (ગર્ભવતી) સ્ત્રીએ સદા આનંદમાં રહેવું, બની શકે તો નિત્ય નવનવાં વસ્ત્રો તથા અલંકાર ધારણ કરવાં; પવિત્ર રહેવું. હલકા, નરમ, ઘીવાળા, ને જઠરાગ્નિને પ્રદિપ્ત કરે તથા વહેલા પાચન થાય એવા પદાર્થોનો આહાર કરવો. અતિશય ખાટા, તીખા, ખારા, ઊન્હા, વાસી, સુકા, લૂખા, કઠોર, ઝાઝા તેલવાળા, કાચા, એવા તથા પાચન થતાં પીડા કરે એવા પદાર્થો ખાવા નહિ. બહુ જમવું નહિ તેમ ભૂખ્યા પણ રહેવું નહિ. ઘણો શ્રમ થાય એવાં કામ કરવાં નહિ, વાહન ઉપર બેસવું નહિ, ભયંકર સ્થાને જવું નહિ, ને તેવા પદાર્થો જોવા પણ નહિ. પોતાના ગર્ભનું સંરક્ષણ થવા સારૂ નિત્ય પ્રાતઃકાળે અને સાયંકાળે, શ્રી સદાશિવ, શ્રી વિષ્ણુ ભગવાન શ્રી સદ્ગુરૂ દેવનું શુદ્ધ ભાવનાથી સ્તવન કરવું. પવિત્ર આધ્યાત્મજ્ઞાનનાં, પવિત્ર ધર્મનાં, પવિત્ર વિરત્વનાં એટલે, મહાભારત, રામાયણાદિક પુસ્તકને વાંચવાં જેથી ઉત્તમ પ્રજાની પ્રાપ્તિ થાય. ગર્ભવતી જેવી જેવી ભાવના કરે છે, તેવી તેવી પ્રજા ઉત્પન્ન થાય છે; માટે ગર્ભવતી સ્ત્રીઓએ નિરંતર ઉચ્ચ ધર્મયુકત સદ્ભાવના કરવી.



— વિધવા સ્ત્રીઓને પાળવાના નિયમો —

વિધવા સ્ત્રીએ સાધુવૃત્તિથી રહેતાં શિખવું. માથા ઉપર વાળ રાખવા નહિ. તાંબુલ (પાન) ખાવું નહિ, કંકુ પુષ્પમાળા ધારણ કરવી નહિ, સોના રૂપાનાં ઘરેણાં પહેરવાં નહિ, રંગિત વસ્ત્ર પહેરવાં નહિ, કાંસાના વાસણમાં જમવું નહિ, બે વખત ભોજન કરવું નહિ, આંખો આંજવી

નહિ, પલંગ પર સુવું નહિ, ભૂમી પર ગાદલું–ગોદડું કે ચટાઇ પાથરી તે ઉપર સુઇ રહેવું. શરીરે તેલ ચોળવું નહિ, નિત્ય ન્હાઇને ધોળાં વસ્ત્ર પહેરવાં, હાથે બંગડી આદી પહેરવી નહિ, ક્રોધને જીતવો ઇન્દ્રિયોને વશ રાખવી, ચાંદ્રાયણ આદિ વ્રતો કરવાં, વૃદ્ધ સ્ત્રીઓના સહવાસમાં રહેવું, શૃંગારરસનાં પુસ્તકો વાંચવા નહિ, પણ જેનાથી પોતાને સંસાર પર અરૂચિ થાય, ઉદાસીનતા ઉપજે, તથા વૈરાગ્ય પ્રાપ્ત થાય એવાં બોધક ગ્રંથો વાંચવાં અને સાંભળવાં. અખંડ બ્રહ્મચર્ય પાળવું, વૃદ્ધ વડીલોના કહ્યામાં રહેવું. લગ્નપ્રસંગ તથા રડવા કુટવાના પ્રસંગમાં કે સગા સંબંધીઓની વ્યવહારીક ખટપટમાં બહુ ભાગ લેવો નહિ. જેમ બને તેમ એકાન્ત અને સત્શાસ્ત્રનું અવલોકન કરવું. સાધુ સંતનો સમાગમ કરવો. શ્રી સદ્ગુરૂ પરમાત્મામાં પરમ શ્રદ્ધા રાખી તેમની પાસેથી પરમ બોધ પ્રાપ્ત કરવો, અને દેહાધ્યાસનો ત્યાગ કરી પરમ કલ્યાણદાતા શ્રી સદ્ગુરૂની તન, મન, ધન વડે સેવા કરી કૃતકૃત્ય થવું. મરણ પર્યંત સુધી ઇશ્વરભજનમાંજ દિવસો નિર્ગમન કરવા–પણ ક્યારે પણ વ્યવહારમાં પડી તલ્લિન થવું નહિ–તીર્થયાત્રાઓ કરવી. સ્વાદવાળા પદાર્થના ભોજનનો ત્યાગ કરવો. સાત્વિક આહારનું સેવન કરવુ, પરપુરૂષોની સાથે ક્યારેય પણ પરિચય પાડવો નહિ. અહંમમત્વાદિનો ત્યાગ કરી નિરાભિમાનીપણા વડે નિરંતર આત્મચિંતન કર્યા કરવું. એ વિધવા સ્ત્રીનો ધર્મ છે. (વિધવા સ્ત્રીઓના સંબંધીએ વિધવાઓને વ્યવહારીક કાર્યથી મુક્ત કરવી, ને પરમાર્થમાં જોડવી એ યોગ્ય છે.)



—સાસુઓ અને સગા સંબંધીઓના ધર્મ—

દીકરાની વહુ ઘેર આવ્યા પછી સાસુ--સસરાએ એવી સાવચેતીથી વર્તવું, કે તે વહુ પોતાના વર્તનમાં કોઇ જાતના દોષો જોઇ શકે નહિ. બાળકોને બતાવેલા ધર્મ પ્રમાણે–માત પિતા પોતાની દીકરીને શિક્ષણ આપે, તેમ સાસુ–સસરાએ નિર્દોષપણે વહુને દીકરી તુલ્ય ગણી ધર્મ, નીતિ, સદાચાર, વિવેક, વિનય, સત્ય, ઉદારતા, ક્ષમા, શાંતિ. ધીરજ. સહનશીલતા, ગુણ, ચાતુર્ય, વ્યવહારકૌશલ્ય, અને સઘળી ગૃહવ્યવસ્થા આદી ગુણોનું પાલન કરી, વહુને પણ એવા ગુણોનું શિક્ષણ આપવું. રજોદર્શન થયા વિના તેને સંસારવ્યવહારમાં જોડવી નહિ. જેણે પરઘર ક્યારે પણ જોયું નથી, પરાયા મનુષ્યોમાં વસી પરાધીનતાના દુઃખનો એક દિવસ પણ અનુભવ કર્યો નથી, કેવળ માત્ર માતપિતાના અનવધિ પ્રેમ–વાત્સલ્ય પૂર્વક બાલ્યાવસ્થાનું સુખ ભોગવતાં જેણે પિતૃવર્ગના મનુષ્યોનોજ વિશેષ પરિચય છે, એવી બાળિકાને પોતાના મનુષ્યોનો વિયોગ થવાથી અજાણ્યા સ્થળમાં સાસરે અણગમો થાય, એ સ્વાભાવિક છે. માટે તેને પોતાના ઘરની માયા થાય, પોતાના મનુષ્યોનો સ્નેહ બંધાય, ને તે આજ મારૂં નિત્ય રહેવાનું ઘર છે, એમ સારી રીતે સમજે, ત્યાં સુધી સુજ્ઞ સાસુસસરાએ ઘટતી યોજના કરવી જોઇએ.

કેટલીક સાસુઓ વહુ ઉપર પ્રથમથીજ દાબ બેસારવા ને વશમાં રાખવા તેને શરૂઆતથીજ હુંકારેથી કિંવા તોછડા શબ્દોમાં બોલાવી અયોગ્ય ધમકી આપી, તેને દરેક કામમાં દોષ કાઢી, વારે ઘડીએ લઢયા કરે છે. અને અંતે તેનું પરિણામ સાસુના ધારવાથી વિરૂધ્ધ આવે છે. પોતે પોતાનો ભારઓજ ખોઇ તે હલકી પડે છે. માટે વહુને દુઃખ લાગે એવા શબ્દોમાં બોલાવવાની ખોટી ટેવ ન રાખતાં

સન્માનપૂર્વક બોલાવવી અને ઘરનાં ન્હનાં મોટાં માણસ પણ વિવેક પૂર્વક યોગ્ય રીતે જ તેને બોલાવે એવી યોજના સાસુએ કરવી જોઇએ. વહુના ઉપર નિરર્થક રોષ ન રાખતાં માત્ર જયારે તેનાથી કાંઇ વિરૂદ્ધ વર્તન થતું જોવામાં આવે ત્યારેજ, તેને ક્રોધના આવેશમાં નહિ પણ શાંતિથી, યુકિતપૂર્વક બોધ રુપે ઘટતા બે શબ્દો કહેવા જોઇએ. પણ જેનાથી કાંઈ વિરૂદ્ધ આચરણ થતું નથી, સંસારની રીતભાત અને ધર્મ—નીતિમાં કુશલ છે. ઘરનું કામકાજ જે શકિત અનુસાર કરે છે. એવી શાણી વહુ ઉપર અયોગ્ય અમલ કરવો નહિ વહુ બાળક હોય. અગર અજાણી હોય કે અણશિખાઉ હોય તો તેના ઉપર વારંવાર ગુસ્સે થઇ ચીડવવી નહિ, પણ પાસે રહી ધીરેથી શિખવાડવું જોઇએ. તેની અવસ્થા કે શરીર શકિતના પ્રમાણથી અધિક કામ તેને બતાવવું નહિ. કારણકે તે લઢવાના ભયથી કાં તો જાતે દુઃખી થાય કાં તો તે કામ બગડે કે કોઇ વસ્તુની હાની થાય. વારંવાર શાંતિથી બોધ રૂપે સમજ આપવી પણ લઢવાનાં રૂપમાં કાંઇ કહેવું નહિ. કોઇ વસ્તું તે છતાં બગડે તો પરિતાપ કરવો નહિ, અને વહુને કરાવવો પણ નહિ. નિર્દય થઇ સાસુપણાનું અભિમાન રાખી વહુના અવગુણો શોધી નિરંતર તેને દુઃખ દેવા પૂઠે પડવું નહિ. પણ વિવેક અને ક્ષમા દૃષ્ટિથી તેના ઉપર પ્રીતિ રાખી સંભાળ લેવી. પોતાના ઘરમાં બીજી પુત્રીની વહુઓ કે પુત્રીઓ હોય તો સાસુએ ઘર કામની વ્યવસ્થા કરી સૌની શકિત વિચારી દરેક ઘરનું કામ વેહેંચી આપવું. પણ તેમાં ભિન્ન ભાવ રાખી કોઇને અધિક ન્યુન ગણી કોઇ એકલુંજ દુઃખી થાય તેમ કરવું નહિ. તેમજ તે વ્યવસ્થામાં યોગ્યતા પ્રમાણે પોતે પણ ભાગ લેવો. સાસુએ વહુને કામકાજ બતાવતાં પોતાની પૂર્વાવસ્થા સંભારવી જોઇએ. તેણે વિચારવું જોઇએ કે તે પણ એક વખત

નાદાન વહુ હતી અને હવે તે મહાવરાથી સર્વ કાંમમાં પ્રવીણ થઇ છે તેથી તેની મળી આવેલી વહુદીકરી મહાવરાથી સર્વ કામમાં પ્રવિણ થશે. વહુ રસોઇ આદિ કામ કરતી હોય તે વખતે તેના આગળ બેસી ચીકણો સ્વભાવ રાખી તેની જે તે ભૂલ કાઢી વારંવાર ટકટક કર્યાં કરવું નહિ. પણ પ્રીતથી બતાવવું, કોઇ વહેલું મોડું શીખેછે. દીકરીની પેઠે વહુના શરીરનું આરોગ્ય નિત્ય સાસુએ જાળવવું, ને તેને તાવ ઉધરસ આદિ થઇ આવે તો તુરત ઔષધ વિગેરે કરવાં. પૂરતી સંભાળ રાખવી, દીકરાની વહુ વયે નાની હોય અભણ હોય, વિદ્યાકળા, ગુણ ચતુરાઇ તથા બોલવા ચાલાવાના વિવેક વિનયથી અજ્ઞાન હોય અને કામોમાં અણુશિખાઉ હોય તથા કદરૂપી, રોગી, આળસુ, કે જડ હોય; નિર્ધનની દીકરી હોય, કે નીચા કુળમાંથી આવેલી હોય તો તેના દોષો તેને વારંવાર સંભળાવી તેનું મન દુઃખાય તેમ મહેણાં દઇ વઢવું નહિ પણ તેનામાં જે સુધરી શકે તેવા દોષો હોય તો તેને સમજાવી ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપી સુધારવા સાસુનું શાણપણ, પ્રૌઢ બુદ્ધિ, વ્યવહારકુશળતા તથા વિદ્યા કળાના જ્ઞાનની ખરી પરીક્ષા ને ખરી કસોટી ત્યારેજ થાય છે કે જ્યારે પોતાને ઘેર આવેલી, અજ્ઞાન જડ જેવી વહુઓ પણ સારાં આચરણોવાળી સર્વ વ્યવહારમાં ચતુર નીવડે. જેવો હર્ષ દીકરાને પરણાવી વહુને ઘેર લાવવા માટે પ્રથમ હોય છે તેવો હર્ષ વહુના આવ્યા પછી નિરંતર એક સરખોજ પ્રેમ રાખવો પોતાની જ્ઞાતિમ પોતાને કુલીનતા પ્રાપ્ત હોય, પુષ્કળ ધન હોય કન્યાઓની બહુ છત હોય, પોતાના દીકરાને બીજી વાર વહુ સહજ મળે તેમ હોય, તો પણ પરણીને આવેલી વહુને સોંઘી (લુંડી ગુલામડી, ઉંદરડી કે [કે ઢેખાળા સમાન) ગણી તેને દુઃખ દેવું નહિ. પણ તેને પોતાનાં

પુત્ર પુત્રી સમાનજ ગણી, વગર રોષે શાંતિથી પોતે તથા પોતાના બીજા દીકરાની વહુઓ હોય તથા દીકરીઓ હોય તે સર્વે જણે પોતાની વહુ ઉપર પ્રેમભાવથી વર્તવું. દેરાણીપણું, જેઠાણીપણું નણંદપણું નહિ રાખતાં સમાન આત્મભાવ રાખી દરેકને સુખ થાય તેવું આચરણ રાખવું. ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે જેના ઘરમાં ખાવાપીવાના તથા પહેરવા ઓઢવાના પદાર્થોથી વહુને સારો સત્કાર થાય છે તેના ઉપર બ્રહ્માદિ દેવો, આર્યમાદિ પિતૃઓ અને રૂષિ મુનિઓ પ્રસન્ન થાયછે. સ્ત્રીઓ ભરણપોષણથી સંતુષ્ઠ થયેલી હોય તો તે સર્વ સુખના ભંડાર રૂપ સ્ત્રીઓ છે. ને જો કોપ પામેલી હોય તો તે ક્રુધ્ધ થયેલી ભયંકર દેવિઓ છે. સન્માન થયેલી સ્ત્રીઓ કુળની વૃધ્ધિ કરેછે; ને અપમાન પામેલી સ્ત્રીઓ કુળનો નાશ કરે છે. માટે ક્ષણે ક્ષણે વહુઓને કદાપિ પીયેરથી નહિ પ્રાપ્ત થયલી વસ્તુ માટે કનડવી નહિ, પણ પોતાની સંપત્તિ પ્રમાણે (જેમ પોતાની દીકરીઓને રાજી રાખવાને વસ્ત્ર, ઘરેણાં અન્ન વિગેરે આપીએ છીએ.) તેને સંતુષ્ટ કરવી. વહુ કે દિકરી એ તિરસ્કાર પાત્ર કે નાંખી દેવાની વસ્તુ નથી, પરંતુ દીકરા જેટલીજ, અરે તેથી પણ વધારે કિંમતી વસ્તુ છે. પીયેર અને સાસરૂં (ઉભંય) શોભાવા તેમને ઉચ્ચ જ્ઞાન આપવાની અને રક્ષણ કરવાની જરૂર છે.

પુત્રને તો પોતાના બાપના ટેકનેજ સંભાળવાનો છે ત્યારે દીકરીને તો બાપના અને સસરાના એમ બન્ને કુળને સંભાળવાનો ટેક શીખવાડવાનો છે. માબાપને ત્યાં દીકરી હોય ત્યારે માબાપે અને સાસરે વહુ થઇ જાય ત્યારે સાસુ સસરાએ તેના ઉપર પ્રેમ રાખી ગૃહસ્થાશ્રમ ધર્મ અને પોતાનું કર્તવ્ય શિખવાડવું જોઇએ. સસરાએ પણ પુત્ર વધુના સન્માન માટે પોતાની દીકરી, બેનો તથા પોતાની

સ્ત્રીને ઘટતું કહેતા રહેવું જોઇએ. ઘરમાં સર્વે સંપસંપી ચાલે છે કે કેમ તેની તપાસ રાખવી, તથા પોતાનો પુત્ર બેન કે બીજા કોઇની શીખવણીથી પોતાની સ્ત્રીને દુઃખ તો નથી દેતો, મારામારી કે હાડછેડ તો નથી કરતો—જો તેમ કરતો હોય તો પુત્રને યોગ્ય શીખામણ આપવી. અને વચ્ચે વિઘ્ન સંતોષનું કામ કરનાર કોણ છે તે તપાસી તેઓને ઘટતી શીખામણ આપવી, અને ઘરના કંકાસને દૂર કરવો એ સસરા તથા વૃધ્ધ વડીલોનું કર્તવ્ય છે. વહુ અને દીકરો એકાન્તમાં વાર્તાવિનોદ કરતાં હોય કે હસતાં બોલતાં હોય તો તેમની છાની ચેષ્ટા જોવાની ઇચ્છા સાસુએ કે નણંદે રાખવી નહિ. વહુ દીકરા વચ્ચે અણબનાવ થાય તેવો ઉપાય કદિયે સાસુએ કરવો નહિ ને વહુનો વાંક કાઢી પોતાના દીકરાને માટે ઢબ્બો—બાયલો એવા શબ્દ ઉચ્ચારવા નહિ. મનુષ્યમાત્ર પ્રારબ્ધાધિન છે, સુખ દુઃખ સમયે આવે છે ને જાય છે. સદાકાળ એક સરખું હોતું નથી માટે ધૈર્યતા રાખી પોતાનાજ શુભાશુભ કર્મોનો વિચાર કરી સર્વનું શુભ ઇચ્છવું એજ વૃધ્ધ વડિલો, અને સગા સંબંધીઓનું શ્રેષ્ઠ કર્તવ્ય છે કોઇપણ વખત ક્રોધના પ્રસંગે ખામોશી ખાવી અને સદા આનંદમાં રહેવું એ સૌથી શ્રેષ્ઠ છે.

—સ્ત્રીઓનું નિત્ય કર્તવ્ય—

તમામ આર્ય સ્ત્રીઓએ આલસ્ય-અનાસ્થાનો ત્યાગ કરી શ્રધ્ધાપૂર્વક નિત્ય પ્રાતઃકાળમાં છ ઘડી રાત્રી રહે, ત્યારે ઉઠી, (પોતાના સ્વામીના ઉઠયા પહેલાં, અને વિધવા હોય, તો પોતાના માત-પિતા-વૃધ્ધ વડીલો પહેલાં) મંગળ વાણીનો ઉચ્ચાર કરી પ્રાતઃસ્મરણ કરવું.

પછી સૌભાગ્યવતીએ પતિનું દર્શન કરવું, અને વિધવા સ્ત્રીએ ભગવાન, કે સદ્ગુરૂમહારાજની છબીનાં દર્શન કરવાં. પછી પથારી ઉપાડી ઘરમાંથી ક્ચરો વગેરે કાઢી ઝાડે જંગલ જવું, પછી શુધ્ધ મૃતિકા લઇ પાંચ સાત વખત હાથ-પગ ધોવા. બાર કોગળા કરવા. પછી દાતણુ કરવું. સૌભાગ્યવતીએ દાતણુ કર્યા પછી માથાના વાળમાં તેલ નાંખી અંબોડો વાળવો, પણુ યાદ રાખવું, કે વાંકો સેંથો પાડવો નહિ. તે પછી વસ્ત્ર સાથે સ્નાન કરવું. નગ્ન નહાવું નહિ. પૂર્વ દિશા તરફ મુખ રાખી ભગવદ્ સ્મરણુ કરતાં કરતાં સ્નાન કરવું. તે પછી પવિત્ર ધોએલાં વસ્ત્ર પહેરવાં, અને સેવાનું સ્થાન હોય, ત્યાં જઇ સેવાનું સઘળું સાહિત્ય [નિત્યકર્મ, સંધ્યા વિગેરેમાં છે, તે પ્રમાણે] તયાર કરવું. તે પછી સૌભાગ્યવતીએ કંકુનો ચાંલ્લો કરવો. વિધવા સ્ત્રીએ ભસ્મ કે ગોપીચંદન ડાબા હાથમાં લઈ જળ નાંખી જમણો હાથ ઉપર ઢાંકી, શ્રી કૃષ્ણાય નમઃ અગર શ્રી રામાય નમઃ અગર ગુરૂમંત્ર બોલી, બન્ને હાથ ચોળી, લલાટે, હાથે, હૃદયે, લગાવવું. પછી હાથ ધોઇ નાંખી, તેજ મંત્રથી ત્રણુ વાર આચમન કરવું. (હાથ ધોઇ નાંખવા.) પવિત્ર આસન ઉપર બેઠેલાં હોઇએ, ત્યાં સ્થિર બેસી પાંચ દશ મિનિટ પ્રભુનું શુધ્ધ ધ્યાન કરવું, અને હૃદયમાં પ્રાર્થના કરવી, કેઃ—હે સર્વેશ્વર! સર્વાન્તર્યામી! હે પ્રભો! હે નાથ! હે હૃદય નિવાસી! મારા હૃદયમાં પ્રગટ થાઓ—પ્રગટ થાઓ—મને પાવન કરો—પાવન કરો, તમે હૃદયમાં વિરાજો છો, એમ શાસ્ત્ર—સદ્ગુરૂ દ્વારા મેં જાણ્યું છે. આપને જોવા મારૂં અંતઃકરણુ તલસે છે. એટલા માટે મને દિવ્યજ્ઞાન થાય, એવી કૃપા કરો. સ્વામી અથવા સદ્ગુરૂની નિષ્કામ ભક્તિ પ્રાપ્ત થાય એવી દયા કરો, જેથી હું કૃતારથ થઇ આ દુસ્તર ભવસાગર તરી જાઉં. અને મારા સ્વધર્મનું પાલન કરતાં જે જે વિઘ્નો આવે તે તે વિઘ્નો અને

વિઘ્નકર્તાઓ મારી પવિત્ર દૃષ્ટિથી દૂર રહે ને સંસાર યાત્રા પુરી કરી ત્વરિત આપના ધામમાં આવી પહોંચ્યું ! આ પ્રમાણે પવિત્ર મનથી પ્રાર્થના કર્યા પછી (નિત્યકર્મ પ્રમાણે સંધ્યા, પૂજા કરવી) ને પોતાના પતિ અથવા સદ્‌ગુરુદેવ કે બ્રાહ્મણ અને માત-પિતા કે સાસુસસરા ઘરમાં જે કોઇ પૂજ્ય વૃદ્ધ વડિલો હોય તેમને બન્ને હાથ ભૂમિ ઉપર રાખી તે ઉપર મસ્તક મુકી પગે લાગવું. ઘરમાં મોટી નણંદ, જેઠ, જેઠાણી હોય તેમને પણ નમન કરવું, એ પ્રમાણે નિત્ય અભિવંદન કરવાથી, આયુષ્ય, વિદ્યા, કીર્તિ, અને બળની વૃદ્ધિ થાય છે. પછી પતિની અગર વૃધ્ધવડિલોની આજ્ઞા લઇ તુલસી, પીંપળાનું પૂજન કરવું. શંકર, પાર્વતી તથા લક્ષ્મિ, વિષ્ણુભગવાન વિગેરેનાં દર્શન કરવા જવું તો રસ્તામાં કોઇને સ્પર્શ ન થાય તેમ નીચી દૃષ્ટિથી પ્રભુ ધ્યાન કરતાં કરતાં મૌન વૃતિથી શ્રધ્ધાપૂર્વક જવું. દર્શન કરી સીધાં સીધાં ઘેર ચાલી આવવું.

— સ્ત્રીઓને નિત્ય દાનની જરૂર છે. —

આ લોકમાં અને પરલોકમાં કરેલાં દાન—પુણ્યનું ફલજ સુખ રૂપે પ્રાપ્ત થાય છે, માટે ધર્મશીલ સ્ત્રીઓએ પ્રતિદિન પોતાના ઘરની સંપત્તિ પ્રમાણે નિત્ય, દ્રવ્ય, વસ્ત્ર, અન્ન, ફળ, ને જળ આદિનું દાન કરવાનો નિત્ય નિયમ રાખવો. કારણ કે દાન ન કરવાથી દરિદ્રાદિ દુઃખોને પ્રાપ્ત થઇ અસદ્‌ગતિ પામવી પડે છે માટે પ્રત્યેક ગૃહસ્થ સ્ત્રીઓએ એક દિવસ દાન આપ્યા વિના રહેવું નહિ. સ્ત્રી ગૃહિણી કહેવાય છે; ગૃહમાં પાંચ સ્થાનમાં (ચૂલો, સાવરણી, ઘંટી, ખાંડણીઓ, અને પાણીમાં) નિરંતર પાપ થયા વિના રહેતું નથી અને તે પાપ સ્ત્રીઓને ભોગવવું પડે છે. એટલા માટે નિત્ય પંચભાગ કાઢવો અને

પંચયજ્ઞ પણ કરવા જોઇએ. પંચભાગ કોઇ બ્રાહ્મણ કે પોતાના ગોરને આપવો અને પુરૂષોએ પંચયજ્ઞ વિધિપૂર્વક કરવા પુરૂષ ઘેર ના હોય તો સ્ત્રીઓ પણ કરી શકે; પંચયજ્ઞ અને પંચયજ્ઞ વિધિ.

— પંચયજ્ઞ વિધિ —

દેવયજ્ઞ (૧) રૂષિયજ્ઞ (૨) પિતૃયજ્ઞ (૩) મનુષ્ય યજ્ઞ (૪) ભૂત યજ્ઞ (૫) દેવયજ્ઞ—જળ, પૃથ્વી, તેજ, વાયુ અને આકાશથી શરીર ઉત્પન્ન થયુ છે; માટે પંચ ભૂતના અધિષ્ઠાતા દેવો પંચાયતન, ગણપતી શક્તિ, સૂર્ય, વિષ્ણુ, ને શિવ ને સંતુષ્ઠ કરવા—એટલે તેમની સેવા કરી તેમની મહાન આજ્ઞાઓનું પાલન કરવું તે.

રૂષિયજ્ઞ—સત્શાસ્ત્રોનું અધ્યયન કરતાં રૂષિમુનિઓની બુદ્ધિનું અનુકરણ કરવું તે

પિતૃયજ્ઞ—જે પિતૃઓના વીર્યથી આ પિંડ પ્રાપ્ત થયો છે, તેમને તર્પણ શ્રાદ્ધ, સંવત્સરી, વિગેરે પૂજન કરી સંતોષવા, અને સંતતિ પ્રાપ્ત કરી પોતે સંતોખાવું તે

મનુષ્ય યજ્ઞ—જે મનુષ્ય વ્યકિતમાં રહી મનુષ્ય જીવન વ્યતિત કરાય છે, તે મનુષ્ય વ્યકિતને, માનસિક, કાયિક, ને વાચિક કોઇ પ્રકારથી સ્વચ્છંદાચરણે હાની ન થાય પણ સર્વ પ્રાણી માત્રનું પોતાના હાથે હિત થાય એવી પ્રવૃત્તિ કરવી તે

ભૂતયજ્ઞ—પૃથ્વી ઉપરનાં સૂક્ષ્મ જંતુઓ તથા વૃક્ષો સર્વેનું રક્ષણ થાય પણ તેમના હિંસા ન કરાય તે (પાછળ વૈશ્વદેવ વિધિમાં જોઇ મંત્રથી અગ્નિ જમાડવો.)

તે પછી ભોજન વિધિ પ્રમાણે સર્વને જમાડી મુખવાસ આપી પોતે જમવા બેસવું, સ્થિરતાથી શાંતપણે જમવું. જમી રહ્યા પછી એઠાં અજીઠાં વાસણ વિગેરે માંજી ભોજન કરાયેલા સ્થાનને તથા ચુલાને લીંપી શુદ્ધ કરી દિવસના જે જે અગત્યનાં કામો હોય તે

તે સંભાળીને કરી લેવાં. પછી વખત હોય તો પ્રીતિ પૂર્વક સદ્‌બોધ પ્રાપ્ત થાય એવાં પુસ્તકો, " સતી ચરિત્ર, ભગવદ્‌ગીતા, ભાગવત, રામાયણ, " વાંચવાં પણ વિષય વૃદ્ધિ કરનારા શૃંગારી ગ્રંથો કદિપણ વાંચવા નહિ. (સ્ત્રીના સ્વામીએ ધર્મમાં તત્પર રહી સ્ત્રીના કાર્યમાં સ્હાય આપવી) જેમ બને તેમ સ્ત્રી પુરૂષો બન્ને જણે એકમેક ચિત્તવાળાં થઈ નિરંતર કલાક બે કલાક જન્મ પર્યંત સુધી સત્શાસ્ત્ર શ્રવણ કરવા નિયમ રાખવો. સત્સંગ વગેરેમાં જઇ શુધ્ધ સ્થિર ચિત્તથી સમાગમ કરવો અને આ લોક પરલોક સંબંધીનું જ્ઞાન મેળવવું તથા શ્રી સદ્‌ગુરૂ ચરણ ઉપાસી અનન્ય શ્રધ્ધા વડે દૈવિક સાધન સંપન્ન થઇ પરમ ઐશ્વર્ય પ્રાપ્ત કરવું. શ્રી સદ્‌ગુરૂ દેવમાં સાક્ષાત્ પરમાત્મા બુદ્ધિ ધારણ કરવી. પણ મનુષ્ય બુદ્ધિથી કદાપિ અવલોકવું નહિ. વિવેક ને વિચાર વડે નિત્ય આગળ વધવું, વહેતા આયુષ્યના પ્રવાહમાં એક ક્ષણ પણ નિરર્થક જવા દેવી નહિ. જે જે શુભ કાર્ય કરવું તેમાં સંપૂર્ણ શ્રધ્ધા રાખવી.

" શ્રદ્ધા સકળ સુખ મૂળ છે," શ્રધ્ધાથીજ સર્વ લભ્ય થાયછે. માટે સદ્‌ગુરૂ કૃપા બળથી જ્ઞાન, વૈરાગ્ય ભકિતનું સેવન કરી મોક્ષનું અવનવું અખંડિત સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો. અને મનુષ્ય દેહ ચિન્તામણિ તુલ્ય સમજી ધર્મ પરાયણ રહી ભગવદ્ સેવા ગુરૂ સેવા, સ્વદેશ સેવા અને પારમાર્થિક કાર્યમાં ઝંપલાવવું જોઇએ. એજ મનુષ્ય જન્મનું સાર્થકય છે. હવે સ્ત્રીઓએ ચોથા પહોરમાં રહેલાં વસ્ત્રો તથા વાસણની યોગ્ય વ્યવસ્થા કરી સાયંકાળ થતા સુધીમાં ઘર સાફસુફ કરી ધીનો દીવો કરવો. તે પછી ઘરમાં જોઇતા પ્રકાશ માટે તેલ આદિના દીવા પ્રકટાવવા વખત હોય તો પવિત્ર સ્થલે બેસી એક બે માળાનો જાપ કરવો. રાત્રીએ પહેલા પહોરમાં ભજન કરવું. બધાના જમ્યા પછી એઠાં વાસણ તુરતજ

આંજી નાંખવાં પણ વાસી રહેવા દેવાં નહિ. સ્વચ્છ સ્થલે ઉત્તર દિશા વિના બીજી ગમે તે દશા બણીના ઓસીકાએ સૂઇ રહેવા માટે પલંગ કે પથારી તૈયાર કરવાં ને તેની પાસે જળપાત્ર તથા પ્રાતઃકાળે ઉઠી તુરત દર્શન કરવા માટે પોતાના સ્વામીની ને સદ્દગુરૂ કે ઇશ્વરની છબી સામે રાખવી, અને અનુકુળતા હોય તો યોગ્ય સ્થળે બળતો દીવો રાખી રાત્રિના બીજા પહોરમાં રાગદ્વેષમાં ગુંચાયેલા પોતાના ચિત્તને પતિ સેવાથી શાંત કરી પવિત્ર મનથી શ્રી પરમાત્માનું ભજન કીર્તન, સ્મરણ, કરતાં કરતાં નિદ્રાવશ થવું. વિધવા સ્ત્રી હોય તેણે રાત્રે સૂતી વખતે ચિત્તની એકાગ્રતા કરી સ્વપ્નવત સંસારને જાણી દેહાધ્યાસને દુર કરી. પરમાત્માનું ચિંતન કરવું પ્રાતઃકાળે વહેલાં ઉઠી પવિત્ર થઇ સેવા, પૂજા વ્રત વિધિ કરવાં, મનને વશ રાખવું, વ્યવહારી કાર્યોમાં ઓછું જોડાતાં સત્સંગ કરવામાં વધુ વખત ગાળવો, અને પરમ જ્ઞાન મેળવવા સદ્દગુરૂસ્વરૂપ સચ્ચિદાનંદ શ્રી પરમાત્માના ચરણ કમળમાં અહંમમત્વરૂપી અર્ધ્ય [illegible] આત્મસુખ સાધી લેવું.

વિધવા સ્ત્રીઓએ અસાર—સંસારમાં ચિત્ત નહિ રાખતાં જગત વ્યવહારથી વિરકત રહેવું કારણ કે સૌભાગ્ય નષ્ટ થયા પછી સૌભાગ્ય ધારણ કરવું અને વ્યવહારમાં રચી પચી રહેવું એ પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન ગણાય અને તેથી વિધવાના આ લોક પરલોક પણ બગડે છે. માટે વિધવાઓએ સાદાઇ અને સાધુતા રાખવી એજ ઉત્તમ છે.

પ્રિય આત્મિય સ્વરૂપો ! ધર્મના વિચાર શ્રેણિય ગ્રંથો ઘણા છે; શ્રી મનુ ભગવાન, ૠષિ મુનિઓ, અને વિદ્વાનોઓએ સ્વધર્મ પાલન માટે વારંવાર ઉહાપોહ કરી કરી કેસરિનાદ ગજાવતા ગયા છે ને હજુ પણ ગજાવેજ છે. તેમાંથી થોડામાં થોડુ કથન કરી આપના નેત્ર સમક્ષ રજુ કરવા ઉત્સહ પ્રેક્ષણ કીધું છે. તેને જરૂર સ્વીકારશોજી.

લી. આપનો ભવદિય હરિના જય સચ્ચિદાનંદ.

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible] ગ્રંથાવલિ [illegible]

[illegible], નીતિ, જ્ઞાન, વૈરાગ્ય, [illegible]

—[illegible]—

[illegible]

[illegible]

[illegible]

—[illegible]—

([illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

"[illegible]" [illegible] [illegible] સુરત.

[illegible]

[illegible]